RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 01-07-2026 | VOL : 12 | Issue : 106 | Page : 8 | Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સાચી મિત્રતા અમૂલ્ય છે. પોતાને ઓળખવું સૌથી મોટું જ્ઞાન છે.

3  રાજકોટ મહાપાલિકામાં ડિમોલિશનના નામે 90 લાખનું આંધણ! વીડિયો શૂટિંગ...

4  પ્રભુ શ્રીરામના ચરણોમાં આવેલી દાનપેટી પર તરાપ મારનારા મહાપાપીઓ કોણ?...

6  દિયા મિર્ઝાનું પ્લાસ્ટિક જ્ઞાન સાંભળી ફેન્સ નારાજ

7  એશિયન ગેમ્સ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ જાહેર

## એક નજર...

### અન્વેશી જૈનનો સ્ટનિંગ અવતાર તમને દિવાના બનાવી દેશે



ઓલ્ટ બાલાજી (Alt Balaji) પર એકતા કપૂર (Ekta Kapoor) ની ઈરોટિક વેબ સીરીઝ 'ગંદી બાત' (Gandii Baat) થી એક્ટિંગ ડેબ્યૂ કરનારી અન્વેશી જૈન આજે પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે. અન્વેશી જૈન તેના બોલ્ડ અને હોટ અંદાજ માટે જાણીતી છે. અન્વેશી જૈનનો હોટ લૂક હાલ વાયરલ થઈ રહ્યો છે.

## NEWS TRACK

### ટ્રમ્પને મોટો ઝટકો! યૌન શોષણ કેસમાં દોષિત હોવાનો ચુકાદો યથાવત્, ચૂકવવા પડશે 43 કરોડ

યૌન શોષણના કેસમાં પહેલાંથી જ દોષિત જાહેર થઈ ચૂકેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સુપ્રીમ કોર્ટ તરફથી પણ કોઈ રાહત મળી નથી. અમેરિકાની સુપ્રીમ કોર્ટે સોમવાર, 29 જૂનના રોજ ડોનાલ્ડ ટ્રમ્પની એ અપીલને ફગાવી દીધી છે, જેમાં તેમણે જ્યુરીના જૂના ચુકાદાને પલટવાની માંગ કરી હતી. જ્યુરીએ અગાઉ પોતાના ચુકાદામાં માન્યું હતું કે ટ્રમ્પે પૂર્વ કોલમ લેખિકા ઈ. જીન કેરોલનું યૌન શોષણ કર્યું હતું. આ બદલ ટ્રમ્પે પીડિતાને 50 લાખ ડોલર (આશરે 43 કરોડ રૂપિયા)નું આર્થિક વળતર ચૂકવવું પડશે. એક ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની આ અરજી પર સુનાવણી કરવાનો જ ઈનકાર કરી દીધો છે. કોર્ટે અન્ય કેટલાક કેસની સાથે જ આ ચુકાદો જાહેર કર્યો હતો અને તેની પાછળ કોઈ ચોક્કસ કારણ આપ્યું નથી. ઉલ્લેખનીય છે કે, 9 મે 2023ના રોજ મેનહટનની એક ફેડરલ સિવિલ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ટ્રમ્પે વર્ષ 1996માં ન્યૂયોર્કના એક સ્ટોરમાં ઈ. જીન કેરોલનું યૌન શોષણ કર્યું હતું.

### એઆઇએ ધાર્યા પરિણામ ન આપતાં ફોર્ડ કંપનીએ 350 અનુભવી એન્જિનિયર્સને પાછા બોલાવ્યા

એઆઈ અને ઓટોમેટેડ ક્વોલિટી સિસ્ટમ્સ ઈચ્છિત પરિણામો પુરાં ન પાડી શકતાં અમેરિકન કાર કંપની ફોર્ડે છેલ્લા ત્રણ વર્ષમાં થોડાં ભૂતપૂર્વ કર્મચારીઓ સહિત ૩૫૦ અનુભવી એન્જિનિયર્સને પાછાં બોલાવવા પડયા છે. કંપનીએ જણાવ્યું હતું કે માનવ નિષ્ણાતોને પાછાં બોલાવવાથી ખર્ચમાં ઘટાડો થયો છે અને કંપનીને મુખ્ય કાર બ્રાન્ડમાં જેડી પાવર ઈનિશિયલ ક્વોલિટી સર્વેમાં પહેલું સ્થાન મળ્યું છે. ફોર્ડના ઉચ્ચ અધિકારીઓએ કબૂલ્યું હતું કે કંપનીએ કર્મચારીઓના વિવિધ વાહનોના દાયકાઓના ઈજનેરી અનુભવને કોરાણે મુકી ઓટોમેશન પર વધારે પડતો મદાર રાખ્યો હતો. ફોર્ડના વેહિકલ હાર્ડવેર એન્જિનિયરિંગ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ ચાર્લ્સ પુને જણાવ્યું હતું કે એઆઇ પોતાની મેળે શું હાંસલ કરી શકે તેનો કંપનીએ વધારે પડતો અંદાજ માંડી દીધો હતો. ભૂલથી અમે એમ માની લીધું હતું કે એઆઇ વાપરવાથી અને અમારી ડિઝાઈન જરૂરિયાતો જણાવવાથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉત્પાદનો પેદાં કરી શકાશે. પરંતુ એઆઇ ઉપયોગી સાધન છે પણ તમે તેને તાલીમ આપવા જેટલી સારી માહિતી આપો તેટલું જ તે સારું કામ કરી શકે.

### CJP આંદોલનનો 11મો દિવસ

# જંતર-મંતર પર સોનમ વાંગચુકની તબીયત લથડી

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP) નું વિરોધ પ્રદર્શન મંગળવારે 11મા દિવસમાં પ્રવેશ્યું છે. NEET સહિતની પરીક્ષાઓમાં ગેરરીતિઓ મુદ્દે શરૂ થયેલું આ આંદોલન હવે સરકાર સામે જવાબદારીની માંગ સાથે મોટા આંદોલનમાં ફેરવાઈ ગયું છે. આ દરમિયાન ભૂખ હડતાલ પર ઉતરેલા એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની તબિયત લથડતાં ચિંતા વધી ગઈ છે. બીજીતરફ ભાજપ નેતાએ પ્રદર્શનકારીઓને વાયરસ કહેતા વિવાદ થયો છે. સોનમ વાંગચુકનું બ્લડ શુગર લેવલ ઘટ્યું સોનમ વાંગચુકની ભૂખ હડતાલનો આજે ત્રીજો દિવસ છે. તબીબી તપાસમાં તેમનું બ્લડ શુગર લેવલ સામાન્યથી ઓછું એટલે કે 66 નોંધાયું છે. આ સિવાય તેમનું બ્લડ પ્રેશર 117/60, ઓક્સિજન સેચ્યુરેશન 96 અને પલ્સ રેટ 92 છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ, કાળઝાળ ગરમીમાં અન્ન વિના રહેવું જોખમી છે. CJPના પ્રવક્તા આશુતોષ રાંકાએ




ચેતવણી આપી છે કે જો વાંગચુકને કંઈ પણ થશે તો તેના માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન જવાબદાર રહેશે. ભાજપ અધ્યક્ષ નિતિન નવીને પ્રદર્શનકારીઓની સરખામણી વાયરસ સાથે કરતાં વિવાદ સર્જાયો છે. CJPના સ્થાપક અભિજીત દિપકેએ આ ભાષા સામે સખત વાંધો ઉઠાવતા કહ્યું કે, અગાઉ શિક્ષણ મંત્રીએ પ્રદર્શનકારીઓને આતંકવાદી કહ્યા હતા.

## SIR પર 23 વિપક્ષી દળોએ CJIને પત્ર લખ્યો:DMKએ પણ હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી

ચૂંટણી પંચની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અને ચૂંટણી સંબંધિત અન્ય મુદ્દાઓને લઈને 23 વિપક્ષી પક્ષો અને એક અપક્ષ સાંસદે મંગળવારે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) ને પત્ર લખ્યો. DMK ના પ્રવક્તા સરવનન અન્નાદુરાઈએ આરોપ લગાવ્યો કે SIR ની પ્રક્રિયા મનસ્વી અને લોકશાહી વિરોધી છે. SIR નો ઉદ્દેશ્ય મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવવાનો છે, જ્યારે લોકશાહીનો આધાર તમામ પુખ્ત નાગરિકોને મત આપવાનો અધિકાર આપવાનો છે. પત્ર પર કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, DMK સહિત 23 વિપક્ષી પક્ષો અને અપક્ષ રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે હસ્તાક્ષર કર્યા છે. સૂત્રો અનુસાર, પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, તૃણમૂલ કોંગ્રેસ પ્રમુખ મમતા બેનર્જી, આરજેડી નેતા તેજસ્વી યાદવ, સપા પ્રમુખ અખિલેશ યાદવ, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા અને ડાબેરી પક્ષોના નેતાઓનો સમાવેશ થાય છે.

### નવા જનરલ ધીરજ સેઠ આજે પદભાર સંભાળશે

# જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આર્મી ચીફના પદ પરથી નિવૃત્ત

નવી દિલ્હી

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી મંગળવારે આર્મી ચીફના પદ પરથી નિવૃત્ત થયા. નિવૃત્તિ પહેલાં તેમણે નવી દિલ્હી સ્થિત નેશનલ વોર મેમોરિયલ ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમના સ્થાને જનરલ ધીરજ સેઠ આજે કાર્યભાર સંભાળશે. સેઠ ભારતના 31મા આર્મી ચીફ હશે. તેમને ભારતીય સેનામાં લગભગ ચાર દાયકાનો અનુભવ છે. તેઓ ડિસેમ્બર 1986માં સેનામાં જોડાયા હતા. આ પ્રસંગે જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું આજે હું આ જવાબદારી જનરલ ધીરજ સેઠને સોંપી રહ્યો છું. તેઓ એક અનુભવી સૈનિક અને સક્ષમ નેતા છે. મને પૂરો વિશ્વાસ છે કે તેમના નેતૃત્વમાં ભારતીય સેના પોતાની ગૌરવશાળી પરંપરાઓને જાળવી રાખીને નવી ઊંચાઈઓ સુધી પહોંચશે. જનરલ દ્વિવેદીએ કહ્યું કે છેલ્લા બે વર્ષમાં ભારતીય સેનાએ દરેક મોરચે પોતાની તૈયારી, સંતુલન અને સતર્કતા મજબૂત



રાખી છે. ઉત્તરીય સરહદો પર ઓપરેશન સ્નો લેપર્ડ હેઠળ અમારી તહેનાતી સંપૂર્ણ મજબૂતી અને ચોકસાઈ સાથે રહી. પશ્ચિમી મોરચે પણ સેનાએ ગંભીરતા અને સંયમ સાથે પોતાની જવાબદારીઓ નિભાવી. ઓપરેશન સિંદૂર તેનું મુખ્ય ઉદાહરણ છે. રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત દરેક મામલામાં ભારતીય સેનાએ સ્પષ્ટ ઉદ્દેશ્ય, અનુશાસન અને જવાબદારી સાથે પોતાની ફરજો નિભાવી છે.

# દારૂ કેસનો જેલ રિટર્ન 'હનું કામડિયા' બન્યો કરજણનો અઘોષિત કિંગ!

## PI પટેલના આશીર્વાદથી હપ્તાખોરીનો કરોડોનો આસામી બનેલો વહીવટદાર ફરી બુટલેગરો સાથે મળીને કરાવી રહ્યો છે 'કટિંગ', શું વડોદરા SP અને SMC આ કલંકિત ત્રિપુટીનો સફાયો કરશે?

વડોદરા / કરજણ

ગુજરાત સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિના ધજાગરા ઉડાવતો એક અત્યંત સળગતો અને શરમજનક કિસ્સો વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી સામે આવ્યો છે. કાગળ પર દારૂબંધીના મસમોટા દાવાઓ વચ્ચે કરજણના ગામડે-ગામડે આજે પોલીસના જ આશીર્વાદથી ઈંગ્લિશ દારૂ, કેમિકલયુક્ત દેશી દારૂ, જુગાર અને ચરસ-ગાંજાનું સામ્રાજ્ય બેખોફ થઈને ધમધમી રહ્યું છે. આ કાળા કારોબારના તાર કરજણ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના એક એવા વહીવટદાર સાથે જોડાયેલા છે, જે કાયદાને પોતાના ખિસ્સામાં સમજીને આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો છે!



વહીવટદાર હનું કામડિયા

### મોતનો સામાન અને વડોદરાથી આવતા જુગારીઓ: કરજણના 4 ડેન્જર ઝોન!

કુરાલી (પાણીની ટાંકી પાસે): અહીં નવી નગરીમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી યુવાધનને બરબાદ કરવામાં આવી રહ્યું છે.

સાપા ગામ (નવી વસાહત): આ ગામ વડોદરા શહેરના જુગારીઓ માટે સેફ હેવન બની ગયું છે. સ્પેશિયલ બહારથી જુગારીઓ અહીં નસીબ અજમાવવા આવે છે અને પોલીસ મૂકપ્રેક્ષક બની તમાશો જોવે છે.

કંડારી ગામ: ગામના ખૂણે-ખૂણે દેશી દારૂના વેચાણ કેન્દ્રો ખૂલી ગયા છે, જાણે અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ખોફ જ ન હોય!

કરમડી ગામ: આ ગામ ચોવીસ કલાક ઝેર ઓકતી દેશી દારૂની ભઠ્ઠીઓનું હબ બની ગયું છે. કેમિકલયુક્ત ઝેરી દારૂનું અહીં બેરોકટોક ઉત્પાદન થઈ રહ્યું છે. સવાલ એ થાય છે કે, શું આ ભ્રષ્ટ તંત્ર કરજણની ધરતી પર વધુ એક 'લઠ્ઠાકાંડ' અને માસૂમોની લાશો પડવાની રાહ જોઈ રહ્યું છે?

### જેલના સળિયા ગણી આવેલો ભ્રષ્ટ કોન્સ્ટેબલ ફરી 'કમાઉ દીકરો' કેવી રીતે બન્યો?

આ આખા ગેરકાયદેસર નેટવર્કનો અસલી માસ્ટરમાઈન્ડ કરજણ પોલીસનો કલંકિત કોન્સ્ટેબલ હનુભા ઉર્ફે હનું કામડિયા હોવાનું સામે આવ્યું છે. અગાઉ રૂપિયા ૨૩ લાખના વિદેશી દારૂના મસમોટા કૌભાંડમાં બુટલેગરો સાથે સીધી સાંઠગાંઠમાં આ હનું કામડિયા જેલની હવા ખાઈ આવ્યો છે! તેને સસ્પેન્ડ કરી જિલ્લા બહાર હાંકી કઢાયો હતો. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જેલમાંથી છૂટતાની સાથે જ કયા રાજકીય આકાના ઈશારે આ નફ્ફટ કોન્સ્ટેબલને ફરી કરજણ પોલીસ સ્ટેશનમાં જ મલાઈદાર પોસ્ટિંગ મળી ગયું? કરજણના પી.આઈ. પટેલ માટે આ હનુભા સોનાની લગડી સમાન 'કમાઉ દીકરો' સાબિત થઈ રહ્યો છે. પી.આઈ. પટેલની છત્રછાયામાં હનુભા અત્યારે ફરી બુટલેગરો સાથે સીધું ગઠબંધન કરીને વિદેશી દારૂનું કટિંગ કરાવી રહ્યો છે અને આ કાળા વહીવટમાંથી તેણે કરોડો રૂપિયાની અપ્રમાણસર મિલકતો અને સામ્રાજ્ય ઊભું કરી લીધું હોવાની ચર્ચા છે.

### LCB સુધી લાખોની લ્હાણી? ગૃહમંત્રીના આદેશો કરજણના પાદરે ફેઈલ!

ચોંકાવનારી વિગતો મુજબ, કરજણમાં માત્ર દારૂ-જુગાર જ નહીં પણ ગાંજા અને ચરસ જેવા નશાના નેટવર્ક પણ સક્રિય છે. જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા (LCB) પણ આ અડ્ડાઓ સામે આંખ આડા કાન કરી રહી છે, કારણ કે સૂત્રોના જણાવ્યા મુજબ વહીવટદાર હનુભા દર મહિને લાખો રૂપિયાના હપ્તા છેક ઉપર સુધી પહોંચાડે છે! આ વહીવટદારની દાદાગીરી એટલી હદે વધી ગઈ છે કે તે રાજ્યના ગૃહમંત્રી અને ઉપમુખ્યમંત્રીના કડક આદેશોને પણ ઘોળીને પી ગયો છે અને સરકારની છબી ખરડી રહ્યો છે.




### વડોદરામાં પ્રથમવાર પોલીસ કર્મચારી સામે પ્રોહિબિશન એક્ટની કાર્યવાહી

# રૂ.23 લાખના દારૂની હેરાફેરીમાં કરજણના કોન્સ્ટેબલની ધરપકડ

### બૂટલેગરો સાથે 100 થી વધુ વખત મોબાઈલ પર વાતચીત થઈ હતી

ક્રાઇમ રિપોર્ટર | વડોદરા

કરજણના ખેતરમાં રૂા. 23 લાખના વિદેશી દારૂની હેરાફેરીમાં સ્થાનિક પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલની સંડોવણીની જાણ થતા પીઆઈએ ધરપકડ કરી છે. વડોદરા જિલ્લામાં સૌપ્રથમવાર પોલીસ કર્મચારી સામે પ્રોહિબીશન એક્ટની કલમ 97 મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. કોન્સ્ટેબલે બે બૂટલેગરો સાથે 100 થી વધુ વખત મોબાઈલ પર વાતચીત કરી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. બૂટલેગર પરેશ ઉર્ફે ચકો અને નયન સહિત અત્યાર સુધી 17 શખ્સોની ધરપકડ થઇ છે જ્યારે ફાર્મના કેરટેકર ભરત જાડેજાની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.



કોન્સ્ટેબલ હનુ કામડિયા

બૂટલેગર નયન ઉર્ફે બોબડો કરજણના દેથાણની સીમમાં દારૂની હેરાફેરી કરતો હોવાની બાતમી મળતાં આર.આર. સેલની ટીમે બૂટલેગર પરેશ ઉર્ફે ચકો સહિત 14 શખ્સોને ઝડપી પાડી 40.23 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાલ વડોદરા રહેતા સામંતભાઈ મેરે ફાર્મને સાચવણી માટે ભરતસિંહ જાડેજાને રાખ્યા હોઈ તેણે કરજણ ડી સ્ટાફના કોન્સ્ટેબલ હનુ લુણવીર કામડિયા દારૂનું કટિંગ કરવા માટે જગ્યા આપી હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

#### હનુ કામડિયા મહિલાના નામનો ડમી મોબાઈલ નંબર ઉપયોગ કરતો હતો

પોલીસે બૂટલેગર પરેશ ઉર્ફે ચકો અને નયન ઉર્ફે બોબડાની તપાસ કરતાં એક મોબાઈલ નંબર પર બંને સતત વાતચીત કરતા હોવાનું જણાયું હતું. પોલીસે આ નંબર વિશે પૂછતાછ કરતાં ડી સ્ટાફના પોલીસ કર્મી હનુ કામડિયાનો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. દારૂ પકડાયા બાદ તેણે આ નંબર બંધ કરી દીધો હતો. આર.આર.સેલે ઓપરેશન પાર પાડ્યુ ત્યારે હનુ રજા પર હતો. આ બંને મોબાઈલ એક જ જગ્યાએ એક્ટિવ હોઈ તેની સંડોવણી સ્પષ્ટ થઇ ગઇ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

#### દારૂ કેસમાં વધુ 6 ની ધરપકડ બાકી

દારૂના ચકચારી કેસમાં પોલીસે અત્યાર સુધી 17 લાકોની ધરપકડ કરી છે. આ કેસમાં ગાજરાવાડીનો બૂટલેગર લાલજી રબારી, કરજણનો રફીક, પાલેજનો ઉપેન્દ્ર પટેલ, મેથી ગામનો સોમભાઈ અને નયનના 2 માણસો સહિત 6 જણની હજુય ધરપકડ બાકી હોઈ શોધખોળ ચાલી રહી છે.

### 'પાક્કો ગુજરાત'ના સીધા, સણસણતા અને તીખા સવાલો

1. વડોદરા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) આ જેલ રિટર્ન ભ્રષ્ટ વહીવટદાર હનું કામડિયા અને તેને છાવરતા PI પટેલની અપ્રમાણસર મિલકતોની તપાસ કરાવી તેમને સસ્પેન્ડ કરશે કે પછી હપ્તાખોરીની સિસ્ટમ ચાલતી રહેશે?
2. ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કરજણના કુરાલી, સાપા, કંડારી અને કરમડી ગામના અડ્ડાઓ પર ક્યારે ગુપ્ત દરોડા પાડીને ખાખી-બુટલેગરના નેક્સસ પર બુલડોઝર ફેરવશે?
3. રાજકીય આકાઓના જોરે કૂદતા બુટલેગરો અને હપ્તાખોર ખાખીના ભ્રષ્ટ ચહેરાઓ સામે ગાંધીનગરથી ક્યારે એક્શન લેવાશે?

પાક્કો ગુજરાતનો ખુલ્લો પડકાર:

કરજણની જનતા હવે આ નરકાગારથી ત્રાહિમામ પોકારી ગઈ છે. જો આ નશાના અડ્ડાઓ અને કરોડોનો ભ્રષ્ટાચાર તાત્કાલિક બંધ નહીં થાય, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ભ્રષ્ટ ત્રિપુટીના ઓડિયો-વીડિયો પુરાવા અને કરોડોની બેનામી મિલકતોના દસ્તાવેજો સાથે આગામી અંકમાં મહાવિસ્ફોટ કરશે! તૈયાર રહેજો!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## પંચમહાલના બોરિયા ગામમાં 'નલ સે જલ' યોજનામાં કૌભાંડની ગંધ, 2 કરોડની ગ્રાન્ટ પાસ છતાં પાણીનું ટીપું ઘરે પડ્યું નહીં

પંચમહાલ

સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે 'નલ સે જલ' યોજના અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બોરિયા ગામમાં આ યોજના ભ્રષ્ટાચારની ભેટ ચઢી ગઈ હોવાના ગંભીર આરોપો ઉઠ્યા છે. સ્થાનિક સ્તરે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ જ નક્કર કાર્યવાહી ન થતાં આખરે બોરિયા ગામના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના રહીશોએ ન્યાયની આશાએ જિલ્લા કલેક્ટરને લેખિત અરજી આપીને સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે. ગ્રામજનોનો આક્રોશ એ વાતને લઈને છે કે કાગળ પર કામો પૂર્ણ બતાવીને સરકારની કરોડો રૂપિયાની રકમ ઉપાડી લેવામાં આવી છે, જ્યારે વાસ્તવિકતામાં લોકો આજે પણ પાણીના એક-એક ટીપાં માટે વલખાં મારી રહ્યા છે.

બોરિયા ગામમાં વર્ષ 2013-14 માં ગામમાં પાણીની પાઈપલાઈન નાખવામાં આવી હતી, પરંતુ તેનો લાભ હજી સુધી કોઈને મળ્યો નથી. બોરિયા ગામ ખૂબ જ અંતરિયાળ વિસ્તારમાં આવેલું છે અને ત્યાં મુખ્યત્વે આદિવાસી વસ્તી રહે છે. સરકાર તરફથી 'નલ સે જલ' યોજના અંતર્ગત કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને પાઈપો જમીનમાં દાટી દેવામાં આવી છે, પરંતુ હજી સુધી એક પણ નળમાં એક ટીપું પાણી આવ્યું નથી. ગામના લોકોએ પાણી સમિતિ અને સરપંચને વારંવાર રજૂઆતો કરી હોવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી. હાલમાં ગામલોકોને દૂર આવેલા કુવાઓ અને હેન્ડપંપો પરથી પાણી લાવવું પડે છે. પથરાળ વિસ્તાર હોવાને કારણે કેટલાક કુવાઓનું પાણી દૂષિત/બગડેલું હોય છે, જે પીવાના કારણે ગામમાં લોકો બીમાર પડી રહ્યા છે.

ગામમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત કેટલીક જગ્યાએ માત્ર પાઈપો નાખવામાં આવી છે, કેટલીક જગ્યાએ ખોદકામ થયું છે, તો વળી અમુક જગ્યાએ માત્ર નળ (ચકલીઓ) લગાવી દેવામાં આવી છે પણ ત્યાં પાઈપલાઈનનું જોડાણ જ નથી.

### ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના હજારો કર્મચારીઓ માટે રાહતના સમાચાર

# ST કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3% વધારો : 55 ટકાથી વધારી 58 ટકા ભથ્થું ચૂકવાશે; એરિયર્સ પણ મળશે

અમદાવાદ

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી) ના હજારો કર્મચારીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ એસટી નિગમના કર્મચારીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નિગમના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા (DA)માં 3 ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી 55 ટકા મુજબ મળતું મોંઘવારી ભથ્થું હવે વધારીને 58 ટકા કરવામાં આવ્યું છે.

આ નિર્ણયનો લાભ એસટી નિગમના તમામ પાત્ર કર્મચારીઓને મળશે. માત્ર વધારેલું મોંઘવારી ભથ્થું જ નહીં, પરંતુ વધારાની રકમના બાકી રહેલા એરિયર્સ પણ કર્મચારીઓને ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી એસટી નિગમ પર અંદાજે રૂ. 24 કરોડથી વધુનો વધારાનો આર્થિક બોજ આવશે, પરંતુ તેના કારણે કર્મચારીઓને સીધો આર્થિક લાભ મળશે.

સરકારે જણાવ્યું છે કે આ નિર્ણયના અમલીકરણ માટેના વિગતવાર આદેશો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. કર્મચારીઓના કલ્યાણને પ્રાથમિકતા આપતા આ નિર્ણયને એસટી કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ રાહત તરીકે જોવામાં આવી રહ્યો છે.

મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને એની ગણતરી કરવામાં આવે છે. એ સંબંધિત પગારધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે. શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અલગ હોઈ શકે છે.

ગુજરાત એસ.ટી. (GSRTC) કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું (Dearness Allowance - DA) કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ ગણવામાં આવે છે. સામાન્ય રીતે સાતમા પગાર પંચ (7th Pay Commission) હેઠળ તેની ગણતરી એક ચોક્કસ ફોર્મ્યુલા અને સરકારી મંજૂરીના આધારે થાય છે. એસ.ટી. કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની ગણતરી અને પદ્ધતિ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ પર આધારિત છે

સામાન્ય રીતે કેન્દ્ર સરકાર વર્ષમાં બે વાર (જાન્યુઆરી અને જુલાઈથી) DAમાં વધારો કરે છે. ત્યારબાદ ગુજરાત સરકાર પોતાના કર્મચારીઓ માટે તેની જાહેરાત કરે છે. GSRTC (ST) નિગમ બોર્ડની બેઠકમાં મંજૂરી મળ્યા બાદ જ આ વધારો એસ.ટી. કર્મચારીઓને ચૂકવાય છે. વળી, મોડો નિર્ણય લેવાવાને કારણે વચગાળાના મહિનાઓનું લિન્કડ એરિયર્સ (તફાવતની રકમ) પણ રોકડમાં કે મર્યાદિત હપ્તામાં ચૂકવવામાં આવે છે.



## વડોદરા શહેર ભાજપના પ્રશિક્ષણ વર્ગના પ્રથમ દિવસે જ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી સ્થિતિ

વડોદરા

વડોદરા શહેર ભાજપ દ્વારા પ્રશિક્ષણ શિબિરના પ્રથમ દિવસે જ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. જેમાં અપેક્ષિત હતા નહીં તેવા કાર્યકર્તાઓને પણ ઉપસ્થિત રાખવા પડ્યા એટલું જ નહીં મોટા ભાગના કાર્યકર્તાઓ કોઈને કોઈ બહાનું કાઢી પહેલું સત્ર ભરીને ચાલ્યા ગયા હતા અને રાત્રી રોકાણમાં ફરજિયાત રહેવાનું હતું. તેને બદલે માત્ર 20 થી 25 કાર્યકર્તા જ રાત્રિ દરમિયાન રોકાણ કર્યું હતું.

ભાજપ દ્વારા ત્રણ દિવસ કાર્યકર્તાઓ માટે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ 28મી એ ત્રિમંદિર ખાતે પ્રથમ દિવસે યોજાયેલા વર્ગમાં કાર્યકર્તાઓ જેને અપેક્ષિત હતા તેઓને હાજર રહેવાનું હતું તેમાંથી કેટલાક ગેરહાજર રહેતા જેવો અપેક્ષિત કાર્યકર્તા ન હતા તેવા કાર્યકર્તાઓને વર્ગમાં હાજર રહેવાનો વારો આવ્યો હતો. સંખ્યા બતાવવા માટે અને પ્રશિક્ષણ વર્ગમાં તમામ કાર્યકર્તાઓએ રાત્રિ રોકાણ કરવાનું ફરજિયાત હતું. તેમ છતાં મોટા ભાગના કાર્યકર્તાઓ રાત્રિ રોકાણ કર્યા વગર જ અધવચ્ચેથી ચાલ્યા ગયા હતા કેટલાક કાર્યકર્તાઓને તો વોર્ડ પ્રમુખ કે મહામંત્રીએ એવું કહીને મોકલ્યા હતા કે વર્ગનો પ્રથમ સેશનમાં હાજરી આપીને તમે નીકળી જજો તમને કોઈ રોકશે નહીં પરંતુ સ્થળ પર જ્યારે પ્રથમ સેશન ભરીને કાર્યકર્તાઓ પકડવા ગયા ત્યારે વ્યવસ્થામાં હાજર અન્ય કાર્ય કરતા હોય તેઓને જવાની ના પાડતા કેટલાક સાથે વિવાદ પણ સર્જાયો હતો.

### ઠેર ઠેર મોટા ભુવા...

## સુરતમાં 400 મીટરનો રોડ બેસી ગયો : 4 ઈંચ પાણીમાં તો જનજીવન ઠપ્પ

સુરત

ડાયમંડ નગરી સુરતમાં ગઈકાલ રાતથી જ વરસાદ પડી રહ્યો છે. અત્યાર સુધીમાં 4 ઈંચ જેટલો વરસાદ વરસી ગયો છે. આજે સવારે 6 થી બપોરના 2 કલાક સુધીમાં 2.40 ઈંચ જેટલો વરસાદ પડી ચુક્યો છે. 4 ઈંચ વરસાદમાં સુરતમાં જનજીવન ઠપ્પ થઈ ગયું છે. 400 મીટરનો રોડ પણ બેસી ગયો છે અને અનેક જગ્યાએ ભુવા પડ્યા છે, જેના કારણે તંત્રની પ્રી મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ છે. સુરતના મોટા વરાછાના હેવન રિવરફ્રન્ટ રોડ પર ત્રણ મહિના પહેલાં જ 3 કરોડના ખર્ચે બનેલો 400 મીટરનો નવો રસ્તો અચાનક બેસી ગયો હતો. સ્થાનિકોના કહેવા પ્રમાણે, આ રોડ પર થોડા સમય પહેલાં કરોડો રૂપિયાના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હતી.

પરંતુ લાઈન નાખ્યા પછી રસ્તાનું સમારકામ ખૂબ જ ખરાબ રીતે કરવામાં આવ્યું હતું, પૂરતું પુરાણ નહોતું કરાયું, જેના કારણે આજે આ સ્થિતિ ઉભી થઈ હતી. આ ઉપરાંત આ રસ્તા પર એક-બે નહીં પણ ઠેર ઠેર મોટા ભુવા પડ્યા હતા. આ ભુવામાંથી એકમાં ચાલુ કાર ફસાઈ ગઈ હતી.કાર ચાલકે સમયસૂચકતા વાપરીને બ્રેક મારી દીધી હતી અને કારમાં સવાર લોકો તાત્કાલિક બહાર કૂદી ગયા હતા. જેના કારણે જાનહાનિ ટળી હતી.

### પ્રેમલગ્નની અદાવતમાં નડિયાદમાં સરેઆમ ઢીંગાણું

# ગજાનંદ રેસિડેન્સીમાં બે જૂથો આમને-સામને : SP કચેરીએ પહોંચ્યો મામલો..!

નડિયાદ (ખેડા)

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલી ગજાનંદ રેસિડેન્સીમાં પ્રેમલગ્નની જૂની અદાવતને લઈને ભારે હોબાળો અને ઢીંગાણું થયું હોવાની સનસનાટીભરી વિગતો સામે આવી છે. પ્રેમલગ્ન કરવાના મામલે બે પક્ષો વચ્ચે મામલો એટલો બિચક્યો હતો કે બંને પક્ષના લોકો આમને-સામને આવી ગયા હતા અને જોતજોતામાં વાતાવરણ તંગ બની ગયું હતું. આ સમગ્ર મામલે આખરે પોલીસ સ્ટેશન અને છેક એસપી (SP) કચેરી સુધી પડઘા પડ્યા છે.

મળતી પાક્કી વિગતો મુજબ, ગજાનંદ રેસિડેન્સીમાં થયેલી આ બબાલ બાદ બંને

- **મનીષકુમાર પટેલ અને વિપુલકુમાર સોઢાએ સામસામે નોંધાવી પોલીસ ફરિયાદ; ન્યાયની ગુહાર લગાવવા પીડિત યુવતી દોડી જીલ્લા પોલીસ વડાના શરણે!**

પક્ષો દ્વારા કાયદાકીય હથિયાર ઉગામવામાં આવ્યા છે. જેમાં એક પક્ષ તરફથી મનીષકુમાર નટુભાઈ પટેલ અને સામે પક્ષેથી વિપુલકુમાર કિરણભાઈ સોઢા દ્વારા નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે સામસામે ફરિયાદો દાખલ કરવામાં આવી છે. પોલીસે બંને પક્ષોની રજૂઆતના આધારે ગુનો નોંધીને કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ ઢીંગાણા અને વિવાદ વચ્ચે જે યુવતીએ પ્રેમલગ્ન કર્યા છે, તે ન્યાય મેળવવા માટે પોતાના હાથમાં અરજી લઈને સીધી ખેડા જિલ્લા પોલીસ વડાની (SP) કચેરીએ પહોંચી ગઈ હતી. યુવતીએ રક્ષણ અને ન્યાયની આજીજી સાથે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પોતાની આપવીતી રજૂ કરી છે. પ્રેમલગ્ન જેવા અંગત અને સામાજિક વિષયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

'પાક્કો ગુજરાત' નો સીધો સવાલ:

આજના આધુનિક યુગમાં પણ જ્યારે બે પુખ્ત વયના વ્યક્તિ પોતાની મરજીથી પ્રેમલગ્ન કરે છે, ત્યારે સમાજના કેટલાક તત્વો કેમ અદાવત રાખીને સોસાયટીઓમાં ઢીંગાણા કરે છે? શું નડિયાદ પશ્ચિમ પોલીસ આવા તત્વો સામે કડક હાથે કામ લઈને ગજાનંદ રેસિડેન્સીના રહીશોને શાંતિપૂર્વક જીવવાનો માહોલ પૂરો પાડશે?

હાલ તો પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે, પરંતુ હવે જોવાનું એ રહેશે કે એસપી કચેરીએ ન્યાયની ગુહાર લગાવનારી દીકરીને ક્યારે સાચો ન્યાય અને સુરક્ષા મળે છે! જાગતે રહો!

## જામનગરમાં ખેડૂતોના સમર્થનમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન : પોલીસે અટકાયત કરતાં રસ્તા પર જ ધરણાં

જામનગર

જામનગરમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા આજે વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ખેડૂતો પર અત્યાચાર બંધ કરો' સહિતના બેનરો અને સૂત્રોચ્ચારો સાથે કોંગ્રેસના મહિલાઓ સહિતના આગેવાનો અને કાર્યકરો કલેક્ટર કચેરી સુધી પહોંચી આવેદનપત્ર આપવા નીકળ્યા હતા. ખેતરમાં વિજ પોલના મુદ્દે 'જય જવાન જય કિસાન'ના સૂત્રોચ્ચાર સાથેની રેલી આગળ વધતી હતી ત્યારે પોલીસે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રેલીને નિર્ધારિત સ્થળે રોકી હતી. પોલીસ દ્વારા રોકટોક કરવામાં આવતા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો રસ્તા પર જ બેસી ગયા હતા અને સરકાર વિરોધી સૂત્રોચ્ચારો સાથે ધરણાં શરૂ કર્યા હતા. સ્થળ પર થોડા સમય માટે તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો. કોંગ્રેસના આગેવાનોએ ખેડૂતોના પ્રશ્નોને લઈને રાજ્ય સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ખેડૂતોને ન્યાય આપવા માંગણી કરી હતી. પોલીસે સ્થિતિ વધુ ઉગ્ર ન બને તે માટે કાર્યવાહી હાથ ધરી કોંગ્રેસના કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. અટકાયત દરમિયાન કાર્યકરો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરીયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઈકબાલ સુમરા સહિતના 15 થી વધુ આગેવાનોની અટકાયત કરી હતી. સમગ્ર ઘટનાને પગલે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### રાજ્યના આરોગ્ય પ્રધાને

## ખાદ્ય-દવાઓમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાયદો બનાવવા કેન્દ્ર સરકાર સમક્ષ કરી રજૂઆત

અમદાવાદ

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જે પી નડ્ડાની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે યોજાયેલી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પરિષદની 16મી બેઠકમાં ગુજરાતના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. બેઠક દરમિયાન આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ગુજરાત અને દેશના આરોગ્ય ક્ષેત્રને વધુ સશક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અનેક મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા હતા. જેમાં ફૂડ અને ડ્રગ્સમાં ભેળસેળ કરનાર તત્વો સામે વધુ અસરકારક કાર્યવાહી માટે તેમણે વર્ષ-2006ના ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ જરૂરી સુધારા કરીને વધુ કડક અને નિરોધાત્મક કાનૂની જોગવાઈઓ લાવવાની કેન્દ્ર સરકારને ભલામણ કરી હતી, જેથી જનસ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરીને ભેળસેળના ગુનાઓ પર અસરકારક નિયંત્રણ સ્થાપી શકાય. આ સાથે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના દર્દીઓને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની અદ્યતન સારવાર સરળતાથી ઉપલબ્ધ બને તે માટે



રાજકોટ સ્થિત એઈમ્સમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની સંપૂર્ણ સુવિધા વિકસાવવાની માંગણી કરી હતી. આ સુવિધા ઉપલબ્ધ થતાં રાજ્યના પશ્ચિમ વિસ્તારના હજારો દર્દીઓને સમયસર અને ગુણવત્તાસભર સારવારનો લાભ મળશે.

દેશમાં એન્ટિબાયોટિક દવાઓના વધતા અને અનિયંત્રિત ઉપયોગ અંગે પણ પ્રફુલ પાનશેરીયાએ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે એન્ટિબાયોટિક્સના અતિરેક ઉપયોગને કારણે દવાઓ સામે પ્રતિકારક ક્ષમતા જેવી ગંભીર સમસ્યા ઉભી થઈ રહી છે.

## બોટાદમાં ઘર પાસે ટોળું વળવાની ના પાડતા દંપતી પર પાઈપ-દાતરડાથી હુમલો

ભાવનગર

બોટાદના ઢાંકણીયા રોડ પર પકા શેઠની વાડી પાસે ઘર પાસે માણસો ભેગા કરવાની ના પાડતા દંપતી પર હિંસક હુમલો થયો છે. આ અંગે મજૂરી કામ કરતા યુવાનેએ ત્રણ શખ્સો સામે બોટાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બોટાદના ઢાંકણીયા રોડ પર રહેતા અને મજૂરી કામ કરતા હિંમતભાઈ વાસકુરભાઈ સાથલિયાના ઘર પાસે લાલા ભીખાભાઈ મકવાણા માણસો ભેગા કરી બોલાચાલી કરતો હોઈ, હિંમતભાઈએ તેને ટોળું ન વાળવા જણાવ્યું હતું. આ બાબતની અદાવત રાખી મોડી રાત્રે લાલા, સંજય અને સુમિત મકવાણા લોખંડનો પાઈપ અને દાતરડું લઈ હિંમતભાઈના ઘરે ધસી આવ્યા હતા અને હિંમતભાઈને પાઈપ અને ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા પત્ની મીરાબેન પર સંજયએ દાતરડા વડે હુમલો કરતા તેમને કાંડાના ભાગે ગંભીર ઈજા કરી હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા.

### 250 કરોડની સરકારી જમીન મુક્ત

## કચ્છ બોર્ડર પર ફર્યો 'પીળો પંજો': કંડલામાં ગેરકાયદે મસ્જિદ-દરગાહ જમીનદોસ્ત કરાયા

કચ્છ

ગુજરાતનો કચ્છ જિલ્લો એ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો હોવાથી રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનો છે. ત્યારે દેશની સીમા સુરક્ષા અને સરકારી જમીનોને દબાણ મુક્ત બનાવવાના હેતુથી કચ્છ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા મેગા બુલડોઝર ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. કંડલા દીનદયાળ પોર્ટ ઓથોરિટી, વન વિભાગ અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે ભારત-પાકિસ્તાન સરહદ નજીકના સંવેદનશીલ વિસ્તારોમાં બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી હેઠળ દોઢેક વર્ષથી ચાલતા અભિયાનને વેગ આપીને રાપર અને બાલાસર જેવા સરહદી વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા ધાર્મિક બાંધકામોને તોડી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહી અંતર્ગત કંડલા પોર્ટ વિસ્તારમાં અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત ૨૮ જૂનના રોજ ઈફ્કો (IFFCO) કોમ્પ્લેક્સના ગેટ બહાર ગેરકાયદેસર રીતે બનેલી મસ્જિદ અને અન્ય ગેરકાયદે દરગાહને કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે ધ્વસ્ત કરી દેવાઈ હતી. લાંબા સમયથી જૂના વકફ એક્ટનો આશરો લઈને બચતી આવેલી આ મસ્જિદ પર આખરે કાયદાકીય કોરડો વીંઝાયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. કંડલા પોર્ટની આસપાસની અંદાજે 100 વીઘા જમીન પરથી દબાણો હટાવીને અંદાજે રૂ. 250 કરોડની સરકારી મિલકત જપ્ત કરવામાં આવી છે. ભવિષ્યમાં આ જમીનનો કોસ્ટલ સિક્યુરિટી અને વિકાસ કાર્યો માટે ઉપયોગ કરવામાં આવી શકે છે. બીજી તરફ, વન વિભાગે પણ આરક્ષિત જંગલની ભૂમિને બચાવવા માટે નખત્રાણા અને દયાપર રેન્જમાં સપાટો બોલાવ્યો હતો. અંદાજે 20 જેસીબી અને 15 ટ્રેક્ટરોની મદદથી 400 હેક્ટરથી વધુ આરક્ષિત જગલની જમીન પર ચાલી રહેલી ગેરકાયદે ખેતી અને કબ્જાઓને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યા છે.

## ગુજરાત હાઈકોર્ટે સમયમર્યાદામાં કાર્યવાહી ન થતાં ડેવલપમેન્ટ પ્લાનનું રિઝર્વેશન કર્યું રદ, જમીનમાલિકને રાહત

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ, 1976ની કલમ 20(2) અને 21ની મહત્વપૂર્ણ વ્યાખ્યા કરતાં સ્પષ્ટ કર્યું છે કે વિકાસ યોજનામાં અનામત રાખેલી ખાનગી જમીનને અનિશ્ચિત સમય સુધી અટકાવી રાખી શકાય નહીં. જો સત્તાધિકારીઓ કાયદામાં નિર્ધારિત સમયમર્યાદામાં જમીન સંપાદિત ન કરે અથવા ડેવલપમેન્ટ પ્લાનના પુનઃરીક્ષણની પ્રક્રિયા શરૂ ન કરે તો અનામત આપોઆપ રદ ગણાશે.

બનાસકાંઠાના ડીસા સ્થિત સર્વે નં. 41 અને 42/પી-4ની આશરે 2529 ચોરસ મીટર જમીન પર છેલ્લા લગભગ 50 વર્ષથી 24 મીટરના ડેવલપમેન્ટ પ્લાન રોડનું રિઝર્વેશન યથાવત રાખવામાં આવ્યું હતું. જોકે, સંબંધિત સત્તાધિકારીઓએ ન તો સમયસર જમીન સંપાદિત કરી અને ન તો કાયદા મુજબ 10 વર્ષની અંદર ડેવલપમેન્ટ પ્લાનના પુનઃરીક્ષણની કાર્યવાહી શરૂ કરી હતી.

હાઈકોર્ટે નોંધ્યું કે કાયદાની કલમ 21 મુજબ ડેવલપમેન્ટ પ્લાનનું પુનઃરીક્ષણ ઓછામાં ઓછું દર દસ વર્ષે શરૂ થવું ફરજિયાત છે. જો આ સમયમર્યાદાનું પાલન ન થાય તો જમીનમાલિકને કલમ 20(2) હેઠળ કાનૂની હક પ્રાપ્ત થાય છે. જમીનમાલિક દ્વારા નોટિસ આપ્યા બાદ પણ છ મહિનામાં સંપાદન પ્રક્રિયા શરૂ ન કરવામાં આવે તો રિઝર્વેશન કાયદેસર રીતે સમાપ્ત થઈ જાય છે. કોર્ટના અવલોકન મુજબ ડીસા નગરપાલિકા દ્વારા દરેક તબક્કે ડેવલપમેન્ટ પ્લાનના પુનઃરીક્ષણની પ્રક્રિયા દસ વર્ષની મર્યાદા બાદ શરૂ કરવામાં આવી હતી. આ વિલંબને અદાલતે વહીવટી ઢીલાશ અને કાયદાની જોગવાઈઓની અવગણના ગણાવી હતી. વર્ષો સુધી જમીનનો ઉપયોગ ન કરી શકનાર અરજદારને અન્યાય થયો હોવાનું પણ કોર્ટે નોંધ્યું.

### મધ્યથી ઉત્તર ગુજરાતમાં મેઘસવારી પહોંચશે

## ગુજરાતના 62 તાલુકામાં ધમાકેદાર વરસાદ : સુરત બાદ નવસારી જળબંબાકાર, સાવરકુંડલાની નાવલી નદીમાં પૂર

અમદાવાદ

ગુજરાતમાં ખૂબ જ લાંબી રાહ જોયા બાદ હવે વરસાદની શરૂઆત થઈ છે, જો કે અમુક સ્થળોએ વરસાદની ધમાકેદાર બેટિંગ જોવા મળી છે. ગઈકાલે મોડી રાતથી લઈ સવારના સુરતમાં પડેલા ધોધમાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા, જ્યારે સાંજના નવસારી સહિત સૌરાષ્ટ્રમાં પડેલા વરસાદને કારણે ખેડૂતોની સાથે જનતાને ગરમીમાંથી મુક્તિ મળી હતી.

બપોરથી લઈને રાત સુધીમાં દક્ષિણ ગુજરાતના નવસારી અને અમરેલીના સાવરકુંડલામાં 3 ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો હતો. દક્ષિણ ગુજરાતના ઘણા ભાગોમાં આજે વહેલી સવારથી વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. જો કે મોટા ભાગના સ્થળોએ ધીમી ધારે વરસાદ પડ્યો હતો, જ્યારે નવસારીમાં 4 ઈંચ જેટલા વરસાદથી નીચાણવાળા ઘરોમાં પાણી ભરાયા હતા. જોકે, બીજી તરફ સાવર કુંડલા પંથકમાં પડેલા વરસાદને કારણે શહેરની નાવલી નદીમાં પૂર આવ્યું હતું. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ આજે સવારે 6



વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના 62 જેટલા તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આજે દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ખાસ્સી જમાવટ કરી છે, જેમાં નવસારી તાલુકામાં સૌથી વધુ 3.7 ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં 3.11 ઈંચ, વલસાડના ધરમપુરમાં 2.76 ઈંચ વરસાદ પડ્યો છે. સુરત શહેરમાં 2.4 ઈંચ જ્યારે સુરતના જ કામરેજ તાલુકામાં 2.36 ઈંચ વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોની વાત કરીએ તો નવસારીના જલાલપોરમાં 2.05 ઈંચ અને વલસાડના નાનાપોંઢામાં 1.77 ઈંચ વરસાદ નોંધાયો છે. મધ્ય ગુજરાતમાં ખેડા જિલ્લાના વસો તાલુકામાં સાંજના 4થી 6 વાગ્યાના માત્ર બે કલાકના સમયગાળામાં જ 1.85 ઈંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય સુરતના પલસાણામાં 47 મીમી, ડાંગના વઘઈમાં 41 મીમી અને ગીર સોમનાથના ઉનામાં 34 મીમી વરસાદ પડ્યો છે. એકંદરે જોતાં દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી અને તાપી જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદી માહોલ રહ્યો છે.


### નાણા વિભાગમાં બઢતી સાથે બદલી

## ક્લાસ-3ના 45 કર્મચારીઓને ક્લાસ-2 અધિકારી તરીકે પ્રમોશન

ગાંધીનગર

રાજ્યમાં નાણા વિભાગમાં મોટા પાયે બઢતી સાથે બદલી કરવામાં આવી હતી. ક્લાસ-3ના 45 કર્મચારીઓને ક્લાસ-2 અધિકારી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું હતું. આ કર્મચારીઓને હંગામી ધોરણે ક્લાસ-2 હિસાબી અધિકારી તરીકે બઢતી આપવામાં આવી હતી.

મળતી વિગત પ્રમાણે, પ્રમોશન મેળવનારા 45 અધિકારીઓને અલગ-અલગ સરકારી વિભાગો, જિલ્લા-તાલુકા પંચાયતો અને ગ્રામ વિકાસ એજન્સીમાં ખાલી પડેલી કે નવી જગ્યાઓ પર મુકવામાં આવ્યા હતા. નાણા વિભાગના આદેશ પ્રમાણે, બધા અધિકારીઓએ પોતાની જૂની કચેરીનો ચાર્જ સોંપીને




તાત્કાલિક નવી જગ્યાએ ફરજ પર હાજર થઈ જવાનું રહેશે. નોટિફિકેશન પ્રમાણે, આ બઢતી હંગામી ધોરણે આપવામાં આવી છે.

સરકારના આ પગલાથી લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ ભરાશે, સરકારી હિસાબો અને નાણાકીય કામકાજ વધુ મજબૂત બનશે અને વહીવટી કામોને મોટી ઝડપ મળશે.

પાક્કો ગુજરાત

બુધવાર | 01 જુલાઈ 2026 | અમદાવાદ

### વીડિયો શૂટિંગ અને ચા-નાસ્તામાં લાખો રૂપિયા બારોબાર સેરવી દેવાયા

# રાજકોટ મહાપાલિકામાં ડિમોલિશનના નામે રૂપિયા 90 લાખનું આંધણ! : ગાંધીનગર સુધી પહોંચી તપાસની આંચ

રાજકોટ

ભ્રષ્ટાચાર અને જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ કરવામાં રાજકોટ મહાપાલિકાના કેટલાક અધિકારીઓ અને બાબુઓએ તમામ હદ વટાવી દીધી છે. ફેબ્રુઆરી-2026માં રાજકોટમાં આજી નદીના કાંઠે અંદાજે 300 કરોડની કિંમતની 87 હજાર ચોરસ મીટર જમીન પરથી 50 વર્ષ જૂના 1500 મકાનો તોડી પાડવાનું શહેરના ઈતિહાસનું સૌથી મોટું ડિમોલિશન હાથ ધરાયું હતું. આ કામગીરીથી વાહવાહ મેળવનાર તંત્રનો અસલી અને કાળો ચહેરો હવે સામે આવ્યો છે. ડિમોલિશનની આ આખી કામગીરી દરમિયાન માત્ર ખાણીપીણી, પાણી અને વીડિયો શૂટિંગના નામે જનતાના 90 લાખ રૂપિયા પાણીની જેમ વહાવી દેવાયા હોવાનો સનસનાટીપૂર્ણ ધડાકો થયો છે. આ આખો ગંભીર વિવાદ ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે આ તોતિંગ ખર્ચની દરખાસ્ત મંજૂરી માટે સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) સમક્ષ આવી. કાગળ પર થયેલો આ અંધાધૂંધ ખર્ચ જોઈને સમિતિના સભ્યો પણ ચોંકી ઉઠ્યા હતા અને તેમણે તાત્કાલિક આ દરખાસ્તને અટકાવી દીધી હતી. કોઈ પણ પ્રકારના ટેન્ડર કે કરાર વગર જ કરોડો રૂપિયાના કામો અને ઓર્ડર બારોબાર આપી દેવાયા હોવાની પ્રબળ શંકા સેવાઈ રહી છે. આ મામલો એટલો ગંભીર બન્યો છે કે હવે નાયબ કમિશનર (વેસ્ટઝોન)ની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની એક ખાસ તપાસ સમિતિની રચના કરીને તપાસના આદેશ આપવામાં આવ્યા છે. બીજી તરફ, ગાંધીનગર ખાતે બેસેલી રાજ્ય સરકારે પણ આ આંધણ અંગે રાજકોટ મહાપાલિકા પાસે કડક ખુલાસો માંગ્યો છે. નિયમોને નેવે મૂકીને જે રીતે મનસ્વી ખર્ચ કરવામાં આવ્યો છે તેની વિગતો આંખો પહોળી કરી દે તેવી છે. પ્રેમવતી ચેરીટેબલ ટ્રસ્ટ પાસેથી કોઈ પણ ટેન્ડર પ્રક્રિયા વગર બારોબાર 20.66 લાખ રૂપિયાના ખર્ચે ફૂડ ડીશ મંગાવી લેવાઈ. આટલું ઓછું હોય તેમ આરાધના ટી નામના વેપારી પાસેથી 6.30 લાખ રૂપિયામાં ચા, સમોસા અને કાજુકતરી સહિતનો નાસ્તો ઝાપટી જવામાં આવ્યો. વિશ્વાસ ફૂટમાંથી 21,500 રૂપિયાના ફૂડ પેકેટ ખરીદાયા. આમ માત્ર ખાવા-પીવાના બિલ જ 27.21 લાખ રૂપિયા બનાવી દેવાયા.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર મહાપાલિકાના સત્તાધીશોને સણસણતો સવાલ પૂછે છે કે, આ ડિમોલિશનની કામગીરી હતી કે કોઈ ભવ્ય મહોત્સવ કે પિકનિક? માત્ર પાણીની બોટલો પાછળ 23 લાખ રૂપિયા કઈ રીતે વપરાઈ શકે? વીડિયો અને ડ્રોન શૂટિંગના નામે પોણા અઠ્ઠાવીસ લાખ રૂપિયા કોના ખિસ્સામાં સરકાવી દેવાયા? આ આંકડાઓ જ સાબિત કરે છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવાના બહાને સરકારી તિજોરી લૂંટવાનો આખો કારસો રચાયો હતો. હવે જ્યારે રાજ્ય સરકાર અને તપાસ સમિતિ આ મામલે એક્શનમાં આવી છે, ત્યારે જોવાનું એ રહેશે કે ભ્રષ્ટાચારના આ આંધણમાં પોતાના હાથ કાળા કરનારા કયા મોટા અધિકારીઓ અને બાબુઓ જેલના સળિયા પાછળ ધકેલાય છે.



### અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસનો મોટો સપાટો

# ઓવરબ્રિજ નીચેથી MD ડ્રગ્સ સાથે 3 નશાના સોદાગરો ઝડપાયા!

એમડી ડ્રગ્સ, વજનકાંટો, લક્ઝરી કાર અને બાઈક સહિત રૂ.3.76 લાખનો મુદ્દામાલ જપ્ત; પોલીસને ચકમો આપી ફરાર થયેલા અક્ષય ઉર્ફે સની ઠાકુરને પકડવા ચક્રો ગતિમાન!

અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં નશાના કાળા કારોબારને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસે કમર કસી છે. અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસની ટીમે ડ્રગ્સ વિરુદ્ધ એક મોટું અને સફળ ઓપરેશન પાર પાડીને ઉમરવાડા રોડ રેલવે ઓવરબ્રિજ નીચેથી ૧૨.૧૨ ગ્રામ જેટલા ઘાતક એમડી (MD) ડ્રગ્સના જથ્થા સાથે ત્રણ ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની આ આકસ્મિક રેઈડથી અંકલેશ્વર અને આસપાસના વિસ્તારના ડ્રગ્સ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી પાક્કી વિગતો મુજબ, એ-ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને ઉમરવાડા રોડ ઓવરબ્રિજ નીચે કેટલીક શંકાસ્પદ પ્રવૃત્તિ થતી હોવાની બાતમી મળી હતી. પોલીસે તાત્કાલિક ઘેરાબંધી કરીને ઘટનાસ્થળેથી ત્રણ રીઢા ડ્રગ્સ પેડલરોની ધરપકડ કરી લીધી હતી.

પકડાયેલા આરોપીઓમાં: ૧. હેમંત દિનેશ પટેલ (રહે. કોસંબા) ૨. સૌરભ પ્રકાશ દેવરે (રહે. અંકલેશ્વર) ૩. વિશાલ જુગલ તિવારી (રહે. અંકલેશ્વર)નો સમાવેશ થાય છે. જોકે, આ ઓપરેશન દરમિયાન અંકલેશ્વરનો જ અન્ય એક કુખ્યાત આરોપી અક્ષય ઉર્ફે સની ઠાકુર પોલીસને ચકમો આપીને અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો, જેને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી સઘન શોધખોળ તેજ કરી છે.

પોલીસે પકડાયેલા ત્રણેય આરોપીઓની જડતી લેતા તેમની પાસેથી રૂપિયા ૩૬,૩૭૦ ની કિંમતનું ૧૨.૧૨ ગ્રામ શુદ્ધ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું.

આ ડ્રગ્સની હેરાફેરી અને છૂટક વેચાણ માટે આરોપીઓ ડિજિટલ વજનકાંટો પણ સાથે રાખતા હતા, જે પોલીસે જપ્ત કર્યો છે. આ ઉપરાંત ગુનામાં વપરાયેલા મોબાઈલ ફોન, એક બાઈક અને લક્ઝરી કાર સહિત કુલ રૂપિયા ૩.૭૬ લાખથી વધુનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. તમામ આરોપીઓ વિરૂદ્ધ એન.ડી.પી.એસ. (NDPS) એક્ટની કડક કલમો હેઠળ ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે.

### ભરૂચ-અંકલેશ્વરની 14 ડેરીમાંથી દૂધના નમૂનાઓ લઇને પૃથક્કરણ માટે મોકલાયાં

# ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સંદર્ભમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ અને અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી 14 ડેરીઓમાંથી દૂધના નમૂના લઈને તપાસ માટે મોકલવામાં આવ્યાં છે. આ નમૂનાનો રીપોર્ટ આવ્યાં બાદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તરફથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ભરૂચ જિલ્લામાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ તરફથી નિયમિત તપાસ હાથ ધરવામાં આવે છે. ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં વેચાતા દૂધની ગુણવત્તા બરાબર છે કે નહિ તે માટે ખાસ અભિયાન ચલાવવામાં આવી રહયું છે. જે અંતર્ગત બંને શહેરોના અલગ અલગ વિસ્તારમાં આવેલી 14 ડેરીઓમાંથી દૂધના નમૂના લેવામાં આવ્યાં હતાં. ગાયના દૂધના 3 અને ભેંસના દૂધના 2 એમ કુલ 5 નમૂના લેવામાં આવ્યા હતા. લેવામાં આવેલા તમામ સેમ્પલને વધુ વિગતવાર તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. તેમજ લાયસન્સ કે રજીસ્ટ્રેશન વગર વેપાર કરતી પેઢીઓને નોટિસ પણ આપવામાં આવી હતી.

# કાંકરેજના રવિયાણા ગામેથી 4.72 લાખનો અફીણ રસ ઝડપાયો, ખેતરના મકાનમાં દરોડો પાડી SOGએ એક શખ્સની કરી અટકાયત

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂની સાથે માંદક અને નશીલા પદાર્થોની હેરાફેરી તેમજ સંગ્રહખોરીને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. એસઓજી પોલીસ દ્વારા જિલ્લામાં ચાલતા 'નો ડ્રગ્સ ઈન બનાસકાંઠા' અભિયાન અંતર્ગત ડ્રગ્સ મામલે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ખાસ ડ્રાઈવ દરમિયાન પાલનપુર એસઓજી પોલીસની ટીમે કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે એક ખેતરમાં આવેલા મકાનમાં ઓચિંતી રેઈડ




પાડીને ત્યાં સંતાડી રાખેલો પ્રતિબંધિત માંદક અફીણ રસ ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૪.૭૨ લાખની કિંમતના નશીલા પદાર્થ સાથે કુલ રૂ. ૪.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સની અટકાયત કરી છે. મળતી વિગતો મુજબ, એસઓજીની ટીમ શિહોરી પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન મળેલી પાક્કી ખાનગી બાતમીના આધારે એસઓજીની ટીમે રવિયાણા ગામે ખેતર વિસ્તારમાં આવેલા અમરાભાઈ કરશનભાઈ પટેલના મકાનમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. ઘરમાં ઝીણવટભરી તપાસ કરતા પ્લાસ્ટિકની ચાર પારદર્શક થેલીઓમાં સંતાડી રાખેલો કુલ ૯૪૪.૧૦ ગ્રામ અફીણ રસ મળી આવ્યો હતો. આ નશીલા પદાર્થની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત રૂપિયા ૪,૭૨,૦૫૦ હોવાનું સામે આવ્યું છે. અફીણ રસનો આ જથ્થો કોઈ પણ પાસ કે પરમિટ વગર ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવ્યો હોવાથી એસઓજી પોલીસે આરોપી અમરાભાઈ પટેલની ઘટનાસ્થળેથી જ અટકાયત કરી લીધી હતી. પોલીસે નશીલા પદાર્થ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ રૂપિયા ૪,૭૭,૦૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પકડાયેલા આરોપી વિરૂદ્ધ શિહોરી પોલીસ મથકે એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આ કાળા કારોબારના તાર ક્યાં સુધી જોડાયેલા છે તે દિશામાં આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# અંકલેશ્વરની ફાર્મા કંપનીમાં ધડાકો, 4 કામદારો દાઝ્યા : 2ને વડોદરા ખસેડાયા

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDCમાં આવેલી ગ્લેક્સોન ફાર્મા કંપનીમાં રાસાયણિક પ્રક્રિયા દરમિયાન ધડાકો થયો હતો. આ ઘટનામાં નજીકમાં કામ કરી રહેલા ચાર કામદારો દાઝી ગયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કંપનીમાં કેમિકલ પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અચાનક ધડાકો થતાં અફરાતફરી મચી ગઈ હતી. દાઝી ગયેલા કામદારોને સૌપ્રથમ સરદાર પટેલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. દાઝી ગયેલા કામદારોમાં સુનિલ ચૌધરી, વિક્રમ બારીયા, વિનુ બાવળીયા અને ચંદ્રેશ વછાણીનો




સમાવેશ થાય છે. તેમાંથી બે કામદારોને વધુ ગંભીર હાલત હોવાથી વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ GIDC પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી. આ ઉપરાંત, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ પણ આ મામલે તપાસમાં જોડાયો છે.

# કુડાસણ રોડ પર ફિલ્મી સ્ટાઈલમાં મારામારી, ગાડીના બોનેટ પર કૂદકા મારી દરવાજો તોડી નાખ્યો

ગુસ્સામાં અંધ બનેલા કેટલાક અસામાજિક તત્વોએ કાયદાનો ડર રાખ્યા વિના રસ્તા પર ઉતપાત મચાવવાનું શરૂ કર્યું હતું

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરનો પોશ ગણાતો કુડાસણ રોડ ગઈકાલે જાણે ફિલ્મી અખાડો બની ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. શાંત ગણાતા ગાંધીનગરમાં ધોળા દિવસે રસ્તાની અધવચ્ચે જ ભયાનક મારામારીની ઘટના સામે આવી છે. ટ્રાફિકથી ધમધમતા કુડાસણ રોડ પર વાહન ચાલકો વચ્ચે કોઈ બાબતે એવી બબાલ થઈ કે વાત છેક તોડફોડ અને ખુલ્લેઆમ ગુંડાગીરી સુધી પહોંચી ગઈ હતી. આ હંગામાના કારણે રોડ પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

મળતી માહિતી મુજબ, કુડાસણ રોડ પર કોઈ વાતને લઈને બે પક્ષો સામસામે આવી ગયા હતા. ગુસ્સામાં અંધ બનેલા કેટલાક અસામાજિક તત્વોએ કાયદાનો જરાય ડર રાખ્યા વિના રસ્તા પર ઉતપાત મચાવવાનું શરૂ કર્યું હતું. આક્રોશ એટલો વધારે હતો કે એક શખ્સે ચાલુ રોડે ગાડીના બોનેટ પર કૂદકા મારવાનું શરૂ કરી દીધું હતું અને ગાડીનો દરવાજો પણ તોડી નાખ્યો હતો. ધોળા દિવસે જાહેર રોડ પર ફિલ્મી વિલનની જેમ ગાડીઓ પર કૂદકા મારીને તોડફોડ કરતા આ તત્વોને જોઈને ત્યાંથી પસાર થતા વાહનચાલકો પણ થંભી ગયા હતા.

રોડની વચોવચ થયેલી આ ભારે બબાલ અને મારામારીને પગલે કુડાસણ રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો અને ભારે અફરાતફરી મચી ગઈ હતી. ગાંધીનગર જેવા શાંત શહેરમાં જ્યારે આવા પોશ વિસ્તારના મુખ્ય રોડ પર ગુંડાતત્વો આ રીતે આતંક મચાવે, ત્યારે સામાન્ય નાગરિકોની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થાય છે. આ ઘટનાને નજરે જોનારા સ્થાનિકો અને દુકાનદારોમાં પણ થોડીવાર માટે ભયનો માહોલ જોવા મળ્યો હતો.

આ સમગ્ર ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. હજુ હમણાં જ ગાંધીનગર પોલીસે ઈન્ફોસિટી વિસ્તારમાં ગણતરીના કલાકોમાં આરોપીઓને પકડીને કાયદાનું ભાન કરાવ્યું હતું, ત્યારે હવે કુડાસણ રોડ પર જાહેરમાં નવો રાડો કરનારા આ તત્વોની શાન ગાંધીનગર પોલીસ ક્યારે અને કેવી રીતે ઠેકાણે લાવે છે, તેના પર સૌની નજર મંડાયેલી છે. ગાંધીનગરની જનતા ઈચ્છી રહી છે કે આવા રોડ-રોમિયો અને ગુંડાઓને પોલીસ વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલે!

## સુભાનપુરા વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા લગ્નોત્સવ, જન્મોત્સવ અને સંગીતસંધ્યાની શાનદાર ઉજવણી

વડોદરા

સિનિયર સિટીઝન ગ્રુપના માનદ તંત્રી અને સંપાદક શ્રી ઘનશ્યામભાઈ રાવની એક યાદી જણાવે છે કે, વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ સુભાનપુરા દ્વારા દર માસના છેલ્લા રવિવારે ઉજવાતો લગ્નોત્સવ અને જન્મોત્સવનો કાર્યક્રમ તારીખ ૨૮/૬/૨૬ના રોજ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ અને ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રસંગે એક વિશેષ 'સંગીતસંધ્યા' નું સુંદર આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત પન્નાબેન અને માલવશ્રી બેન દ્વારા પ્રસ્તુત કરાયેલી ભાવવાહી પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ ફોરમના કારોબારી સભ્ય શ્રી નરેન્દ્રભાઈ એન. પંડ્યા અને અન્ય કારોબારી સભ્ય શ્રી નયનભાઈ પરીખના માતુશ્રી જ્યોત્સ્નાબેન જી. પરીખના દુઃખદ અવસાન બદલ સદ્ગતોના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

# પાલનપુરમાં એરોમા સર્કલથી જિલ્લા પંચાયત રોડ પર લીલાછમ વૃક્ષો પર આડેધડ કુહાડી ઝીંકાઈ, જનતામાં ભારે રોષ

પાલનપુર

વિકાસના નામે પર્યાવરણનો બલિદાન આપવાની નેતાઓ અને અધિકારીઓની ઘેલછા હવે હદ વટાવી ચૂકી છે. બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે જેને જોઈને પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનીક નાગરિકોનું લોહી ઉકળી ઉઠ્યું છે. પાલનપુરના સૌથી વ્યસ્ત અને હરિયાળા ગણાતા એરોમા સર્કલથી લઈને જિલ્લા પંચાયત સુધીના રોડ પર આવેલા વર્ષો જૂના અને ઘટાદાર વૃક્ષોને કોઈ પણ જાતની દયા વગર આડેધડ કાપી નાખવામાં આવ્યા છે. રસ્તા પર પથરાયેલા લીલાછમ વૃક્ષોના લોહીલુહાણ અવશેષો જોઈને રોષે ભરાયેલી જનતા હવે તંત્રને સીધો સવાલ પૂછી રહી છે કે, ભાઈ... આને તમે કેવો વિકાસ કહો છો?

એક તરફ સરકાર કરોડો રૂપિયાના ખર્ચે વન મહોત્સવો ઉજવે છે, પર્યાવરણ બચાવવાના મોટા-મોટા ભાષણો ઠોકે છે અને ગ્લોબલ વોર્મિંગની વાતો કરે છે. બીજી તરફ પાલનપુરનું વહીવટી તંત્ર ધોળા દિવસે રસ્તા પહોળા કરવાના કે અન્ય કોઈ પ્રોજેક્ટના નામે જીવતા જાગતા ઓક્સિજન આપતા વૃક્ષોની કતલ કરી રહ્યું છે. એરોમા સર્કલથી જિલ્લા પંચાયત સુધીનો આખો માર્ગ જે ક્યારેય વૃક્ષોની શીતળ છાયાથી ગરમીમાં પણ રાહત આપતો હતો, તેને આજે તંત્રએ વેરાન રણ જેવો બનાવી દીધો છે. સ્થાનિક લોકો કહી રહ્યા છે કે જો રસ્તો બનાવવો જ હતો તો વૃક્ષોને રી-પ્લાન્ટ (બીજી જગ્યાએ રોપવા) કેમ ન કરાયા? આ રીતે આડેધડ કુહાડીઓ કેમ ઝીંકી દેવાઈ?

આ આડેધડ વૃક્ષ છેદનની ઘટના બાદ પાલનપુરના જાગૃત નાગરિકોમાં વહીવટી તંત્ર અને સ્થાનિક નેતાઓ સામે ભયંકર આક્રોશ ફાટી નીકળ્યો છે. સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ પર લોકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે જે વિકાસ માનવજાતને ઓક્સિજન આપતા કુદરતી સ્ત્રોતોને જ નષ્ટ કરી નાખે, તે વિકાસ નહી પણ વિનાશનું પ્રવેશદ્વાર છે. ઉનાળામાં જ્યારે તાપમાન આસમાને આંબે છે ત્યારે આ જ વૃક્ષો લોકોને છાંયો આપતા હતા, પણ એર કન્ડિશન્ડ ગાડીઓમાં ફરતા અધિકારીઓ અને નેતાઓને કદાચ સામાન્ય માણસની આ તકલીફ દેખાતી નથી.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સ્થાનીક વહીવટી તંત્રને અને વન વિભાગને ઢંઢોળીને પૂછવા માંગે છે કે આ વૃક્ષો કાપવાની મંજૂરી કોણે આપી? કયા કાયદા હેઠળ આટલી નિર્દયતાથી લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું? શું કોઈ નવો રોડ કે બિલ્ડિંગ માણસના શ્વાસથી પણ વધારે કિંમતી હોઈ શકે? પાલનપુરની જનતા હવે ચૂપ બેસવાની નથી. આ મામલે ઉચ્ચ સ્તરે તપાસ થાય અને પર્યાવરણ સાથે ક્રૂર મજાક કરનારા જવાબદારોની શાન ઠેકાણે લાવવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે. તંત્ર યાદ રાખે કે કુદરત જ્યારે પોતાનો હિસાબ લેવા ઉતરશે ત્યારે કોઈ બાહુબલી કે કોઈ વગદાર નેતા બચાવી નહી શકે.

# ખનીજ માફિયાઓ પર તંત્રની તરાપ : સુસ્કાલ પાસે રોયલ્ટી વગરનું રેતીનું ટ્રેક્ટર ઝડપાયું..!

કલેક્ટર અને SPની સૂચનાથી દોડતી થઈ ટ્રાફિક પોલીસ, પણ AC ઓફિસમાં બેસી 'હફ્તાખોરી' કરતું ખાણ-ખનીજ વિભાગ ક્યારે જાગશે?

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં કુદરતી સંપત્તિની સરેઆમ લૂંટ ચલાવતા ખનીજ માફિયાઓ સામે આખરે તંત્રએ લાલ આંખ કરી છે. જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક (SP)ની કડક સૂચના બાદ જિલ્લામાં ગેરકાયદેસર રેતી ખનન સામે ખાસ ડ્રાઈવ તેજ કરવામાં આવી છે, જેના કારણે માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ કડક ઝુંબેશ અંતર્ગત જિલ્લા ટ્રાફિક પોલીસે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન સુસ્કાલ ગામ નજીકથી રોયલ્ટી વગર રેતીનું ગેરકાયદેસર વહન કરતું એક ટ્રેક્ટર-ટ્રોલી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, જિલ્લા ટ્રાફિક શાખાની ટીમ રાત્રિના સમયે નિયમિત પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન સુસ્કાલ



નજીક શંકાસ્પદ હાલતમાં પસાર થતાં ટ્રેક્ટર-ટ્રોલીને રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રોલીમાંથી કોઈ પણ જાતના રોયલ્ટી પાસ કે માન્ય દસ્તાવેજો વગરની ગેરકાયદેસર રેતી મળી આવી હતી.

ટ્રાફિક પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવી ટ્રેક્ટર-ટ્રોલીને કબજે લીધી હતી અને આગળની દંડાત્મક કાર્યવાહી માટે ખાણ અને ખનીજ વિભાગને હવાલે કરી દીધી છે

છોટાઉદેપુર જિલ્લાની સ્થાનિક નદીઓમાંથી લાંબા સમયથી મોટા પાયે રેતી ચોરી થઈ રહી છે. આ ગેરકાયદેસર ખનનને કારણે નદીઓનું કુદરતી સંતુલન ખોરવાઈ ગયું છે અને પર્યાવરણને ક્યારેય ન ભરાય તેવું મોટું નુકસાન થઈ રહ્યું છે.

'પાક્કો ગુજરાત' નો સીધો સવાલ: ખાણ-ખનીજ વિભાગ ક્યાં સુધી ઘોર નિદ્રામાં રહેશે?

પોલીસ તંત્ર ભલે રાત-દિવસ એક કરીને ખનીજ ચોરોને પકડી રહી હોય, પરંતુ જિલ્લાનું ખાણ અને ખનીજ વિભાગ જાણે ઘોર નિદ્રામાં પોઢી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે! જનતામાં ચર્ચાતી વાતો મુજબ, આ વિભાગના બાબુઓને માત્ર AC ઓફિસોમાં બેસીને કથિત રીતે 'હફ્તા ખાવા' સિવાય કોઈ કામ જ નથી!

# રાજકોટમાં 2.49 કરોડની લૂંટ કરનારી ગેંગનો ખેલ ખતમ : SMC ચીફ નિર્લિપ્ત રાયની 20 ટીમોએ MPમાંથી આરોપીઓને દબોચી ભોં ભેગા કર્યા!

- **ડ્રોન ટેકનોલોજીની મદદથી શોધી કાઢી મોટરસાયકલ, માત્ર 10 જ દિવસમાં હાઈટેક ઓપરેશન પાર પાડી મધ્યપ્રદેશથી રાઉન્ડઅપ કર્યા રીઢા ગુનેગારો!**

રાજકોટ

રાજકોટની ધરતી પરથી રૂપિયા ૨.૪૯ કરોડની મસમોટી લૂંટ ચલાવીને કાયદાને પડકાર ફેંકનારા લૂંટારુઓનો અહંકાર આખરે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના આયર્ન મેન ગણાતા આઈપીએસ નિર્લિપ્ત રાયની ટીમે મિશ્રિત કરી દીધો છે. ગુજરાત પોલીસની પ્રતિષ્ઠા સમાન આ કેસને માત્ર ૧૦ જ દિવસના ટૂંકા ગાળામાં ઉકેલીને પોલીસે સાબિત કરી દીધું છે કે, ગુનેગાર ભલે ગમે તેટલો શાતુર હોય, પણ તે કાયદાના લાંબા હાથથી બચી શકતો નથી. એસએમસીની ૨૦ જેટલી ટીમોએ સળંગ ઓપરેશન ચલાવીને લૂંટારુઓને મધ્યપ્રદેશ (MP) ના શિહોર વિસ્તારમાંથી દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું છે. મળતી પાક્કી અને ગરમાગરમ વિગતો મુજબ, રાજકોટમાં થયેલી આ કરોડોની લૂંટ બાદ ગૃહ વિભાગ હરકતમાં આવ્યું હતું અને તપાસનો દોર એસએમસીના વડા નિર્લિપ્ત રાયને સોંપાયો હતો. કડક ઓફિસરની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયે તાત્કાલિક ૨૦ અલગ-અલગ ટીમો બનાવીને ગુજરાતથી લઈને એમપી સુધી જાળ બિછાવી હતી. આ ઓપરેશનમાં સૌથી ટર્નિંગ પોઈન્ટ એ રહ્યો કે, આરોપીઓ જે મોટરસાયકલ પર ફરાર થયા હતા, તેને શોધવા માટે પોલીસે આધુનિક ડ્રોન ટેકનોલોજીનો સહારો લીધો હતો. ડ્રોન કેમેરાની મદદથી અવાવરૂ જગ્યાએ છુપાવેલી મોટરસાયકલ ટ્રેસ થતાં જ પોલીસને આરોપીઓનું લોકેશન મળી ગયું હતું. ગુનાને અંજામ આપીને આરોપીઓ મધ્યપ્રદેશ ભાગી ગયા હતા અને ત્યાં સુરક્ષિત હોવાનું સમજી રહ્યા હતા. પરંતુ એસએમસીની ટીમોએ એમપી પોલીસના સહયોગથી સ્થાનિક સ્તરે ઓચિંતો છાપો મારી ત્રણેય રીઢા આરોપીઓને દબોચી લીધા હતા. ગુજરાત પોલીસની ટીમે જ્યારે આરોપીઓને પકડ્યા ત્યારે તેમની તમામ હેકડાઈ ઉતરી ગઈ હતી અને રસ્તા પર જ તેમને કાયદાના સકંજામાં લઈ લેવાયા હતા. આરોપીઓ પાસેથી લૂંટની રકમ કેટલી રિકવર થઈ છે તે દિશામાં હાલ ઊંડાણપૂર્વકની પૂછપરછ અને કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. જ્યારે પણ ગુજરાતમાં કોઈ મોટો ગુનો બને છે ત્યારે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કે એલસીબી આવીને કેસ ઉકેલે છે, તો પછી સ્થાનિક સીસીટીવી નેટવર્ક અને પોલીસનું ગુપ્તચર તંત્ર શું કરતું હોય છે? રાજકોટ જેવા ધમધમતા શહેરમાંથી ૨.૪૯ કરોડની લૂંટ કરીને આરોપીઓ છેક મધ્યપ્રદેશ સરકી જાય ત્યાં સુધી લોકલ સિસ્ટમ કેમ ઘોર નિદ્રામાં હતી? જો કે, નિર્લિપ્ત રાય અને તેમની ટીમે જે રીતે માત્ર ૧૦ દિવસમાં ડ્રોન ટેકનોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આંતરરાજ્ય ગેંગને ભોં ભેગી કરી છે, તેનાથી ગુજરાત પોલીસનું ગૌરવ ચોક્કસ વધ્યું છે અને ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## તંત્રી લેખ...

# ખુલ્લી આંખોનું સ્વપ્ન અને પાર્ટનર સાથેની રોમેન્ટિક વાતો: સંબંધોને મજબૂત બનાવતી અદભુત ચાવી

માનવ જીવનમાં પ્રેમ અને આકર્ષણની લાગણી એ કુદરતની સૌથી સુંદર ભેટ છે. જ્યારે બે વ્યક્તિઓ એકબીજાના પ્રેમમાં પડે છે, ત્યારે માત્ર તેમના મન જ નહીં, પરંતુ તેમના શરીર પણ એકબીજાને પામવા માટે અધીરા બનતા હોય છે. શારીરિક આકર્ષણનો રોમાંચ એક એવી અદભુત ઘટના છે જે શબ્દોની મર્યાદા ઓળંગી જાય છે. શરીરના વિવિધ ભાગો પર એકબીજાના હાથનો નરમ સ્પર્શ, આંગળીઓના ટેરવાં વડે હોઠ, કાન અને ગળા પર થતી હળવી હલચલ, અને હોઠોના ગાઢ ચુંબનમાંથી નીતરતો મધુરસ... આ બધું જ બે આત્માઓને એકબીજાની નજીક લાવવાનું કામ કરે છે.



ધીમે-ધીમે વહેતા શ્વાસોચ્છ્વાસ જ્યારે ગરમ શ્વાસમાં બદલાય છે અને સ્પર્શની ઉત્તેજના કામાતુરતા તરફ દોરી જાય છે, ત્યારે બંને પ્રેમીઓ એકબીજામાં ઓતપ્રોત થઈ જાય છે. પ્રેમની આ સંપૂર્ણ પરાકાષ્ઠા એટલી શક્તિશાળી છે કે તેને માણવા માટે રાતની નીંદર કે બંધ આંખોની જરૂર નથી પડતી. સાચો પ્રેમ અને તીવ્ર આકર્ષણ તો ખુલ્લી આંખે પણ એવો અહેસાસ કરાવી દે છે જે રૂંવાડા ઊભા કરવા માટે પૂરતો હોય છે.

## ભાવી જીવનસાથી સાથે વિચારોની આપ-લે કેમ જરૂરી છે?

જ્યારે આવા રોમેન્ટિક અને કામાતુર વિચારોની આપ-લે પોતાના ભાવી પતિ કે પત્ની અથવા પ્રિય પાત્ર સાથે કરવામાં આવે, ત્યારે સંબંધમાં એક નવો જ કરંટ દોડી જાય છે. ભારતીય સમાજમાં અવારનવાર શારીરિક સંબંધો કે રોમેન્ટિક ઈચ્છાઓ વિશે લગ્ન પહેલાં વાત કરવામાં સંકોચ રાખવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આવી વાતો કરવી એ માત્ર સ્વાભાવિક નથી, પણ સુખી લગ્નજીવન માટે ખૂબ જ જરૂરી છે.

પરસ્પર આકર્ષણમાં વધારો: જ્યારે તમે તમારા ભાવી પાર્ટનર સાથે તમારી ફેન્ટસી, તમારા ગમા-અણગમા અને સ્પર્શની ઈચ્છાઓ વિશે ખુલીને વાત કરો છો, ત્યારે સામેવાળી વ્યક્તિના મનમાં તમારા પ્રત્યેનું આકર્ષણ બમણું થઈ જાય છે. દિવસ-રાત બસ એકબીજાના જ વિચારો આવવા લાગે છે જે પ્રેમની તીવ્રતા વધારે છે.

સંકોચની દીવાલો તૂટે છે: લગ્ન પછીના શરૂઆતના દિવસોમાં ઘણો સંકોચ હોય છે. જો લગ્ન પહેલાં કે સગાઈના ગાળામાં આવી રોમેન્ટિક વાતો થઈ હોય, તો બંને એકબીજા સાથે કમ્ફર્ટેબલ થઈ જાય છે. શારીરિક મિલન વખતે કોઈ ડર કે હળવાશનો અભાવ રહેતો નથી.

માનસિક જોડાણ (Emotional Bonding): શારીરિક સંબંધોની શરૂઆત હંમેશા માનસિક જોડાણથી થાય છે. જ્યારે તમે તમારા પાર્ટનરને એ જણાવો છો કે તેમનો સ્પર્શ તમને કેવી રીતે ઉત્તેજિત કરી શકે છે, ત્યારે તમે એકબીજાની માનસિકતાને વધારે સારી રીતે સમજી શકો છો.

## સંબંધોને ગાઢ બનાવતી ફરજિયાત પ્રક્રિયા

આજના સમયમાં કમ્યુનિકેશન (વાતચીત) એ કોઈપણ સંબંધનો પાયો છે. રોમેન્ટિક અને સેક્સ્યુઅલ ઈચ્છાઓ વિશે વાત કરવી એ કોઈ પાપ કે શરમજનક બાબત નથી, પણ એ પ્રેમને વ્યક્ત કરવાની એક કળા છે. આવી વાતોથી સંબંધો વધારે ગાઢ અને મજબૂત બને છે.

એ તમને અહેસાસ કરાવે છે કે તમે જે વ્યક્તિ સાથે આખું જીવન વિતાવવાના છો, તેની સાથે તમે સંપૂર્ણપણે મુક્ત અને સુરક્ષિત છો.

ખુલ્લી આંખે જોયેલા આ શારીરિક અને માનસિક મિલનના સ્વપ્નો જ્યારે લગ્નજીવનના વાસ્તવિક ચોગાનમાં સાકાર થાય છે, ત્યારે એ જીવન સુખ, સંતોષ અને અખૂટ પ્રેમથી ભરાઈ જાય છે. તેથી, તમારા પ્રિય પાત્ર સાથે મનની વાતો શિષ્ટતાપૂર્વક પણ રોમેન્ટિક અંદાજમાં શેર કરવામાં ક્યારેય પાછળ ન રહો, કારણ કે આ જ વાતો આવનારા સુંદર ભવિષ્યની ગુલાબી સવારની શરૂઆત છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પ્રભુ શ્રીરામના ચરણોમાં આવેલી દાનપેટી પર તરાપ મારનારા મહાપાપીઓ કોણ? દોષિતોને નકશેબાજ કરી જેલભેગા કરો!

## શ્રીરામ મંદિર દાનપેટી ઉચાપત મામલે હિંદુ જનજાગૃતિ સમિતિનો પ્રચંડ આક્રોશ: 'ભગવાનના નાણાં ચોરનારાઓને કડક સજા કરો, મંદિરોનું સરકારીકરણ બંધ કરો'

અમદાવાદ

અયોધ્યાનું ભવ્ય શ્રીરામ મંદિર એ માત્ર કોઈ ધાર્મિક સ્થળ નથી, પરંતુ વિશ્વભરના કરોડો સનાતની હિંદુઓની આસ્થા, સદીઓનો સંઘર્ષ અને અગણિત બલિદાનોનું અમર પ્રતીક છે. આવા પવિત્ર મંદિરની દાનપેટીમાંથી ભક્તોની પરસેવાની કમાણીના અર્પણમાં ઉચાપત થવાનો કલંકિત મામલો સામે આવતા સમગ્ર દેશના રામભક્તોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ મુદ્દે હિંદુ જનજાગૃતિ સમિતિએ આરપારની લડાઈના મૂડમાં આવીને દોષિતો સામે કડકમાં કડક અને ઘાતક કાર્યવાહી કરવાની સખત માંગ કરી છે.



### દાનપેટીમાં ચોરી એ સામાન્ય ગુનો નથી, મહાપાપ છે!

હિંદુ જનજાગૃતિ સમિતિએ આ મામલે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, પ્રભુ શ્રીરામના ચરણોમાં ધરાવાયેલી દેવનિધિ (ભગવાનના નાણાં) પર નજર બગાડવી એ અક્ષમ્ય અપરાધ અને મહાપાપ છે. પ્રભુ શ્રીરામ આવા પાપીઓને તેમના કર્મોની સજા આપશે જ, પરંતુ સરકારે પણ ઊંઘમાંથી જાગીને આ કૌભાંડ પાછળ કયા નરાધમો સંડોવાયેલા છે તેની તટસ્થ અને ઝડપી તપાસ કરવી જોઈએ. સત્ય ગમે તેટલું કડવું હોય, તેને જનતાની સામે લાવીને દોષિતોને સમાજ વચ્ચે ખુલ્લા પાડવા અનિવાર્ય બન્યા છે.

જે સરકારી બાબુઓ પોતે ભ્રષ્ટાચારની ગંગામાં ડૂબેલા છે, તે મંદિરોનો ભ્રષ્ટાચાર શું ખાખ રોકશે? સેક્યુલર સરકારોનો મંદિરોમાં હસ્તક્ષેપ હવે બંધ થવો જોઈએ!

### મંદિરોનું સંચાલન સરકારી બાબુઓને બદલે સાચા ભક્તોને સોંપો!

સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી રમેશ શિંદેએ આ મામલે સરકારની દાનત સામે સવાલો ઉઠાવતા એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં આક્રોશ ઠાલવ્યો છે કે, સમગ્ર દેશમાં મંદિરોનું સરકારીકરણ કરવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે, તેનો સમિતિ હંમેશા વિરોધ કરશે. જે સરકારી અધિકારીઓ પોતે ભ્રષ્ટ વ્યવસ્થાનો હિસ્સો હોય, તેઓ મંદિર પવિત્ર કેવી રીતે રાખી શકે? દેશમાં આવા અસંખ્ય ઉદાહરણો છે જ્યાં સરકારીકરણ થયા પછી મંદિરોના ભંડોળમાં અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર વધ્યો છે.

### પાક્કો ગુજરાત પેપરના તીખા સવાલો:

૧. રામભક્તોની આસ્થા સાથે ખિલવાડ કરનારા આ આધુનિક કાલનેમી (ચોરો) કોણ છે? તેમના નામ કેમ હજુ સુધી ગુપ્ત છે?

૨. હિંદુઓની મંદિરો પર જ કેમ સરકારી બાબુઓ નજર ફાડીને બેઠા હોય છે? અન્ય ધર્મોના સ્થાનો પર આવી હિંમત કેમ નથી થતી?

૩. શું સરકાર આ મામલે કોઈ પણ સેહશરમ રાખ્યા વિના એવી કડક કાર્યવાહી કરશે કે ભવિષ્યમાં કોઈ પણ ચોર હિંદુ મંદિરોના નાણાં તરફ જોવાની પણ હિંમત ન કરે?

અંતિમ નિષ્કર્ષ:

સમય પાકી ગયો છે કે મંદિરોની વ્યવસ્થા માત્ર અને માત્ર સાચા ભક્તો અને સનાતનીઓના હાથમાં જ હોવી જોઈએ. કારણ કે, સાચો ભક્ત ઈશ્વરનો ઉપાસક હોય છે, તે સપનામાં પણ ભગવાનના પૈસા ચોરવાનું વિચારી શકતો નથી. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ મામલે ક્યારે રામબાણ જેવી કડક કાર્યવાહી કરે છે!

(- પાક્કો ગુજરાત ન્યૂઝ નેટવર્ક)

# "રામ કી ચીડિયા રામ કા ખેત"

આમ તો આ કહેવત છે પરંતુ તેને ગીતની રીતે પણ જોઈ શકાય' રામ કી ચીડિયા રામ કા ખેત ખા લો ચીડીયા ભર ભર પેટ'.

આ વાત એટલે આ યાદ કરવી પડે છે કે તાજેતરમાં રામ મંદિરમાં થી દાનની ચોરીનો મામલો ચકડોળે અને ચર્ચામા છે. ભારતના એવા રામ ભક્તો કે જે 500 વર્ષથી રામ ભગવાન નિજ મંદિરમાં બિરાજમાન થાય અને એક ભવ્ય મંદિર નિર્માણ થાય જે જગ્યાએ મસ્જિદ હતી. તેનો આખરી નિકાલ થાય તે માટે અનેક લોકોએ પ્રાર્થના કરેલી. અનેક લોકોની શ્રદ્ધા, લાગણી, સંવેદના તેની સાથે જોડાઈ ગયેલ.આખરે વર્ષોની શબરીપ્રતીક્ષા પછી રામમંદિર નિર્માણ થયું.

રામમંદિર નિર્માણમા રામજન્મભૂમિ ન્યાસ એટલે કે તીર્થક્ષેત્ર તેના માટે કાર્યરત હતું. અદાલતોમાં દલીલોની વાત હોય કે પછી મંદિર નિર્માણમાં દાન એકઠું કરવાનું અથવા તે અંગેની સઘળી વ્યવસ્થા કરવાનું કામ હોય, બધામાં આ જન્મભૂમિ ન્યાસ એટલે કે ટ્રસ્ટ મહત્વની ભૂમિકા ભજવતું હતું. પછી તેને જ સરકારે મંદિર રખ રખાવથી લઈને તેના સંચાલનની જવાબદારી પણ સોંપી! જે રીતે રામ મંદિરની પેટીઓ,ચઢાવા, સંગ્રહના દાનની ચોરી અંગેની વાત સામે આવી રહી છે તે જોતા એમ લાગે છે કે તેઓ તેમની ફરજોને નિભાવવામાં કાચા સાબિત થયા છે,ઉણાં ઉતર્યા છે. જન્મભૂમિ ટ્રસ્ટના કોઈ આગેવાનો આ ચોરીમાં ચોર તરીકે હોય કે ન હોય પરંતુ જેણે ચોરી કરી છે તેની જવાબદારીમાંથી તેઓ પરોક્ષ રીતે પોતાની જાતને અળગી કરી શકે નહીં!



રામમંદિરમાં જે રીતે દાન આપવામાં આવ્યું અને તેની ચોરી થઈ તેનાથી અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. કોઈ મુંબઈમાંથી એવો દાવો કરી રહ્યું છે કે અમે મંદિરમાં 200 કિલો જેટલું ચાંદી આપેલું છે તો તેનો ઉપયોગ ક્યાં કરવામાં આવ્યું તે જાણવું છે.છેલ્લા ત્રણ વર્ષમાં કેટલાક લોકો એમ કહે છે કે 3,500 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે તેમાંથી બેંકમાં માત્ર 80 કરોડ જ છે. તો કોઈ એમ કહે છે કે રામ મંદિરના નામે ઉઘરાવેલી ચાંદીની ઈંટો અને તે સિવાયનું અનેક દાન ક્યાં ગયું? મુખ્યમંત્રી યોગીજી આ મુદ્દા ઉપર ગંભીર રીતે ખાસ તપાસ ટુકડીની નિમણૂક કરે છે. આ ટુકડી આઠ જણની ધરપકડ કરે છે, રૂપિયા 79 લાખ તેમની પાસેથી પકડાય છે. એટલે કે ક્યાંક ગડબડ થઈ છે કે કેમ? કોણે કરી છે ? કેટલા પ્રમાણમાં કરી છે!? ન્યાસ એટલે કે ટ્રસ્ટના સભ્યોની જવાબદારી શું છે? તેમણે કેવી રીતે સમગ્ર બાબત હેન્ડલ કરી છે તેના પર પણ સવાલો ઊભા થાય છે!!

સ્પેશિયલ ટીમ દ્વારા તપાસ થઈ અને આઠ લોકોની ધરપકડ થઈ તે બધાં જ લોકો મદદનીશ તરીકે રામમંદિરમાં કાર્યરત હતા.તેમાં કોઈ મુખ્ય જવાબદારીમાં છે નહીં. રામમંદિર ન્યાસના મહામંત્રી શ્રી ચંપતરાય અને સભ્ય અનિલ મિશ્રાએ રાજીનામું આપ્યું છે પરંતુ આ રાજીનામું એ માત્ર દોષ માટે પૂરતું છે ખરું?! ચંપતરાયના બચાવમાં અનેક હિંદુ ધર્મના નેતાઓની ફોજ ઉતરી પડી છે.પરંતુ રામ મંદિરમાં થયેલી ચોરી માટે તેઓએ કેમ કહી ગયું નથી તે પણ એક સવાલ છે! રામ મંદિરની ચોરી માટે હિન્દુ ધર્મની ધજા લઈને ફરનારા સંગઠનોને જનતા શોધી રહી છે?! ચંપતરાયનું યોગદાન મંદિર નિર્માણમાં મહત્વનું છે એનો અર્થ એ પણ નથી કે આવડી મોટી જવાબદારી હોવા છતાં તેઓ બેદરકાર કેવી રીતે રહી શકે?! કેટલા પ્રમાણમાં, ક્યાં, કેટલી અને કેટલી માત્રામાં ચોરી થઈ છે? કેટલી અસક્યામત છે? વગેરે બાબતો પરના પ્રશ્નાર્થો ઘટવાના નથી. બીજો પ્રશ્ન એ થાય છે કે આટલા સમયથી મંદિરમાં ચોરી ચાલુ હોય તો અત્યારે જ આ મુદ્દો શા માટે ઉજાગર થયો?! આ ઉજાગર થયો તેની પાછળનું કારણોમા કોઈ રાજકીય દાવ પેજ છે કે કેમ તે પણ એક તપાસનો મુદ્દો છે!

યોગી આદિત્યનાથ નિષ્પક્ષ, તટસ્થ અને એક પારદર્શક નેતા જ નથી પરંતુ પવિત્ર એવા સાધુ છે.તેની પ્રતીતિ અનેક વખત લોકોએ કરી છે એટલું જ નહીં પરંતુ તેમની સામે જે રાજકીય પડકારો આવ્યા છે તેને પણ તેણે બખૂબી કાઉન્ટર કરીને નિરસ્ત કર્યા છે. તો પણ આજે તેની સામે રાજકીય અનેક તલવારો ખેંચાતી રહે છે તેમાંની કોઈ તલવાર તરીકે આ ઘટનાને જોઈ શકાય ખરી!?

ખેર, જે હોય તે પ્રશ્નો એ પ્રશ્નો જ બની રહેવાના છે. પરંતુ તેના જવાબો જનતા પાસે પહોંચશે જ નહીં તો આપણે ખૂબ મોટો દ્રોહ કરીએ છીએ.પણ એક વાત નક્કી થઈ કે દલા તરવાડીની વાડી જેવું આ મંદિર નથી, શ્રદ્ધાને ટકાવવા યોગીએશ્વેતપત્ર પબ્લિશ કરી રામ શ્રધ્ધાની જ્યોતિને ટકાવી રાખવી જોઈએ.

**- તખુભાઈ સાંડસુર**

# સરકારની જાહેરાતો પોકળ સાબિત થઈ? સુજલામ સુફલામ કેનાલમાં પાણી ન મળતા દિયોદરના ખેડૂતો લાલઘૂમ

## આપ્યું 12 કલાકનું અલ્ટીમેટમ, નહીંતર ઉગ્ર આંદોલનના મંડાણ

દિયોદર / બનાસકાંઠા:

જ્યારે કાગળ પરની વાતો અને નેતાઓની મોટી-મોટી જાહેરાતો જમીન પર શૂન્ય સાબિત થાય, ત્યારે ધરતીપુત્રનો આક્રોશ ફાટી નીકળે તે સ્વાભાવિક છે. આવો જ એક ભયંકર આક્રોશ બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના વાસણા ખાતે જોવા મળ્યો છે. ખેડૂત આગેવાન અમરાભાઈ આર. ચૌધરીની આગેવાનીમાં વાસણા સુજલામ સુફલામ કેનાલ પર મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા અને રવિવારે સવારે એક સુરથી સરકાર સામે બ્યુગલ ફૂંકી દીધું છે. ખેડૂતોની સ્પષ્ટ ચેતવણી છે કે, હવે નિર્ણયનો સમય આવી ગયો છે, કૃપા ભીખમાં નહી પણ હકનું પાણી જોઈએ છે.

### 11 જૂનની જાહેરાત માત્ર કાગળ પર જ રહી?

ખેડૂત નેતાઓનો આક્ષેપ છે કે ગત 11 જૂન, 2026ના રોજ તંત્ર દ્વારા સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાની જાહેરાત સત્તાવાર રીતે કરવામાં આવી હતી. આ જાહેરાત સાંભળીને દિયોદર અને લાખણી પંથકના વાસણા, કુંભારિયા સહિતના આજુબાજુના સેંકડો ગામોના ખેડૂતોના ચહેરા પર ખુશી આવી ગઈ હતી. પરંતુ આજે અડધા મહિનાથી વધુ સમય વીતી જવા છતાં ખેડૂતોના ખેતરો સુધી પાણીનું એક ટીપું પણ પહોંચ્યું નથી. કેનાલ હજુ પણ સૂકી ભઠ્ઠ જોવા મળી રહી છે, જેને કારણે ખેડૂતોમાં ભારે રોષ છે.

### 12 કલાકનું અલ્ટીમેટમ, સરકાર અને વહીવટી તંત્રની ઊંઘ ઉડી

વાસણા કેનાલ ખાતે મળેલી ખેડૂતોની મહાપંચાયતમાં સર્વસંમતિથી એક ઘાતક નિર્ણય લેવાયો છે. જો આગામી 12 કલાકની અંદર સુજલામ સુફલામ કેનાલમાં પાણી ચાલુ કરવામાં નહીં આવે, તો સમગ્ર બનાસકાંઠાનો ખેડૂત લોકશાહી ઢબે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે. ખેડૂતોની મુખ્ય ત્રણ માંગણીઓ છે: કેનાલમાં તાત્કાલિક પાણી છોડવામાં આવે, છેવાડાના ગામોના ખેડૂતો સુધી પાણી સતત પહોંચતું રહે અને આ જવાબદારી સરકાર તેમજ સંબંધિત સિંચાઈ વિભાગ પોતાના માથે લે.




### કરોડોની યોજના છતાં ખેડૂતો કેમ તરસ્યા?

વર્ષ 2003માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ મહી નદીથી બનાસ નદી સુધીના 332 કિલોમીટર લાંબા વિસ્તાર માટે સુજલામ સુફલામ યોજના શરૂ કરાઈ હતી. મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જેવા ઉત્તર ગુજરાતના 7 જિલ્લાઓની તરસ છિપાવવા માટે 1,050 કરોડથી વધુનો અંધાધૂંધ ખર્ચ કરવામાં આવ્યો હતો. 2,000 ક્યુસેકની ક્ષમતા ધરાવતી આ કેનાલથી 70,000 હેક્ટર જમીનને સીધો સિંચાઈનો લાભ અને લાખો હેક્ટર જમીનમાં ભૂગર્ભ જળ રિચાર્જ થવાનો દાવો કરાય છે. વાસણા લાખણી આસપાસના વિસ્તારમાં આ કેનાલ આવવાથી કૂવા અને બોરવેલના પાણી 25 થી 30 ફૂટ ઊંચા આવે છે. તો પછી આટલી મોટી અને અતિ મહત્વની કેનાલ સમયસર કેમ ભરાતી નથી?

### સરકારી દાવાઓ અને જમીની હકીકત વચ્ચે મોટો તફાવત

એક તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 31 મે સુધી જળ સંચય અભિયાન ચલાવીને તળાવો ઊંડા કરવા અને કેનાલોની સફાઈની વાતો કરી છે, તેમજ 30 જૂન 2026 સુધી ઉત્તર ગુજરાત માટે નર્મદાનું 14,539 એમસીએફટી પાણી ફાળવવાની જાહેરાતો થઈ છે. બીજી તરફ ચોમાસાની શરૂઆત છતાં કેનાલ ખાલી હોવાના કારણે ખેડૂતોનો બાજરી, મગફળી અને ઘાસચારો બળી રહ્યો છે. જો સમયસર પાણી ન મળે તો મોંઘા ડાટ ડીઝલ અને વીજળીના બોરવેલ ચલાવીને ખેતી કરવી ખેડૂતો માટે આત્મઘાતી સાબિત થઈ રહી છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સરકારને સીધો સવાલ પૂછે છે કે જ્યારે અગાઉ સારા વરસાદને કારણે ધરોઈ અને કડાણા ડેમ છલકાયા હોય, ત્યારે પણ કેનાલો સૂકી કેમ રહે છે? કેમ ખેડૂતોને પોતાના હકના પાણી માટે વારંવાર રજૂઆતો અને આંદોલનના માર્ગે ઉતરવું પડે છે? હવે જોવાનું એ રહેશે કે 12 કલાકના આ અલ્ટીમેટમ બાદ ગાંધીનગર અને બનાસકાંઠાનું વહીવટી તંત્ર જાગે છે કે પછી ખેડૂતોના આક્રોશનો સામનો કરવા તૈયાર રહે છે.

# ચીનના પાવરફૂલ મિલિટરી કમાન્ડરોની તાત્કાલિક હકાલપટ્ટી

ચીનમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં સરકારે એક સાથે અનેક મોટા લશ્કરી અધિકારીઓ અને નેતાઓને તેમના હોદ્દા પરથી હટાવી દીધા છે. સરકારી ન્યૂઝ એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર, ચીનની ટોચની કાયદાકીય સંસ્થા 'નેશનલ પીપલ્સ કોંગ્રેસ' માંથી 6 લશ્કરી સાંસદો (કમાન્ડરો) અને 2 મોટા નેતાઓની હકાલપટ્ટી કરવામાં આવી છે. આ કાર્યવાહી પાછળનું ચોક્કસ કારણ હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. રાષ્ટ્રપતિ જિનપિંગની મોટી કાર્યવાહી આ આકરી કાર્યવાહીને રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનનો એક ભાગ માનવામાં આવી રહ્યો છે. ચીનમાં છેલ્લા કેટલાક વર્ષોથી આ અભિયાન ચાલી રહ્યું છે, જેના હેઠળ સેનાના અનેક ટોચના જનરલો અને અધિકારીઓ વિરુદ્ધ તપાસ કરીને તેમને પદ પરથી બેદખલ કરવામાં આવ્યા છે. આ મોટા નેતાઓ પણ લિસ્ટમાં સામેલ પદ પરથી હટાવવામાં આવેલા લોકોમાં માત્ર સૈન્ય અધિકારીઓ જ નહીં, પરંતુ 2 મોટા નેતાઓ પણ સામેલ છે. જેમાં પૂર્વ નાણાકીય નિયામક પ્રમુખ લી યુંઝે અને તાજેતરમાં તપાસના દાયરામાં આવેલા પોલિત બ્યુરોના સભ્ય મા શિંગરુઈનું નામ મુખ્ય છે. જો કે, ચીનના સંરક્ષણ મંત્રાલયે આ મામલે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. હથિયાર વિભાગના પ્રમુખની બાદબાકી હટાવવામાં આવેલા સૈન્ય સાંસદોમાં સૌથી મોટું નામ જનરલ શૂ શ્યુછિયાંગનું છે. તેઓ સેન્ટ્રલ મિલિટરી કમિશનના ઈક્વિપમેન્ટ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના વડા હતા, જે ચીનની સેના (PLA) માટે હથિયારોની ખરીદી અને ટેસ્ટિંગનું કામ જોતો હતો.

# પાકિસ્તાન ફરીથી ફસાશે 'ગ્રે લિસ્ટ'માં? ભારતે ઓક્ટોબરની FATF બેઠક માટે તૈયાર કર્યો માસ્ટરપ્લાન

દુનિયાના કોઈપણ ખૂણે આતંકવાદી ગતિવિધિ થાય એટલે વૈશ્વિક સ્તરે પાકિસ્તાન તરફ આંગળી ચિંધાય તે સ્વાભાવિક છે. પાકિસ્તાન સરકાર અને ત્યાંના આતંકી સંગઠનો વચ્ચેની સાંઠગાંઠ હવે જગજાહેર છે. આ સ્થિતિ વચ્ચે ભારત હવે આગામી ઓક્ટોબર મહિનામાં પેરિસ ખાતે યોજાનારી એન્ટી-મની લોન્ડરિંગ (AML) અને આતંકવાદ વિરોધી ધિરાણ (CTF) વોચડોગ- FATF (ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ) ની બેઠકમાં પાકિસ્તાન વિરુદ્ધ સજ્જડ પુરાવા રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારતનો મુખ્ય હેતુ પાકિસ્તાનને ફરીથી FATF ની 'ગ્રે લિસ્ટ'માં ધકેલવાનો છે, જેમાંથી તેને ઓક્ટોબર 2022 માં બહાર કાઢવામાં આવ્યું હતું. 'ઓપરેશન સિંદૂર' ના વીડિયો બનશે પાકિસ્તાન માટે ગળાનો ફાંસો



ભારતના 'ઓપરેશન સિંદૂર' બાદ સોશિયલ મીડિયા પર અનેક એવા વીડિયો વાયરલ થયા છે. જેમાં પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સી (ISI) ના ઉચ્ચ અધિકારીઓ માર્યા ગયેલા આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં ભાગ લેતા જોવા મળ્યા છે. આ ઉપરાંત, પાકિસ્તાની સત્તાધિશો આતંકી સંગઠનોની સભાઓ અને રેલીઓમાં હાજરી આપતા હોવાના ડિજિટલ પુરાવા પણ ભારત પાસે છે. ભારત આ તમામ વીડિયો અને દસ્તાવેજી પુરાવા પેરિસની આગામી બેઠકમાં વૈશ્વિક નેતાઓ સામે રજૂ કરશે. જેથી ઈસ્લામાબાદના આતંકવાદી ચહેરાને ફરી ખુલ્લો પાડી શકાય. ભારતીય અધિકારી વાઈસ-પ્રેસિડેન્ટ બનતા ભારતનું પલ્લું ભારે સાંસ્કૃતિક મંત્રાલયના સેક્રેટરી વિવેક અગ્રવાલને FATF ના વાઈસ-પ્રેસિડેન્ટ બનાવવામાં આવ્યા છે. જેના કારણે ભારત આ વૈશ્વિક પ્લેટફોર્મ પર પાકિસ્તાન સામે દબાણ લાવવા માટે વધુ મજબૂત સ્થિતિમાં છે. ભારત આતંકવાદી પ્રવૃત્તિઓ માટે પાકિસ્તાનની નાણાકીય વ્યવસ્થાના થતા દુરુપયોગ બદલ તેને આંતરરાષ્ટ્રીય સ્તરે જવાબદાર ઠેરવવા આતુર છે. જો કે, આ તમામ પ્રયાસો વચ્ચે પાકિસ્તાન અત્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન સાથે સંબંધો સુધારવા અને પોતાને 'શાંતિ દૂત' સાબિત કરવાના હવાતિયાં મારી રહ્યું છે, જે જોતાં ભારતની આ વ્યૂહાત્મક ચાલ ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેશે.




પાક્કો ગુજરાત

બુધવાર | 01 જુલાઈ 2026 | અમદાવાદ

મુખ્યમંત્રીના આદેશોને ઘોળીને પી ગયું તંત્ર!

# દેવગઢ બારીઆમાં પ્રિ-મોન્સૂન કામગીરી શૂન્ય, ખખડધજ સ્ટેટ હાઈવેથી વાહનચાલકો ત્રાહિમામ

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

ચોમાસાની શરૂઆત થતાં જ દર વર્ષની જેમ આ વર્ષે પણ સરકારી તંત્રની પોકળ વાતો અને પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓનો ફિયાસ્કો થઈ ગયો છે. દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાંથી પસાર થતા તમામ સ્ટેટ હાઈવે રસ્તાઓ હાલમાં બિસ્માર અને ખખડધજ હાલતમાં ફેરવાઈ ગયા છે. ચોમાસાની ઋતુ માથે છે ત્યારે રસ્તાઓનું સમારકામ કરવાને બદલે સ્થાનિક વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં પોઢી ગયું હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. પ્રિ-મોન્સૂન કામગીરીના નામે અહી તંત્રની કામગીરી તદ્દન શૂન્ય સાબિત થઈ છે, જેને કારણે આગામી દિવસોમાં વાહનચાલકોની



હાલત અત્યંત કફોડી બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચોમાસા પહેલા તમામ રસ્તાઓનું સમારકામ કરવા અને ખાડા પૂરવા માટે તંત્રને કડક આદેશો આપ્યા હતા. પરંતુ દેવગઢ બારીઆના સ્થાનિક અધિકારીઓ જાણે મુખ્યમંત્રીના આદેશોને ઘોળીને પી ગયા હોય તેમ રસ્તાના નાના-મોટા ખાડા પૂરવાની તસ્દી પણ લેવામાં આવી નથી. કાગળ પર મોટી-મોટી વાતો કરતું તંત્ર જમીની હકીકત પર સદંતર નિષ્ફળ સાબિત થયું છે. ધોધમાર વરસાદ પડતાં જ આ ખાડાઓમાં પાણી ભરાઈ જશે અને રસ્તાઓ કૂવા જેવા બની જશે, ત્યારે કોઈ નિર્દોષ વાહનચાલકનો જીવ જશે તો તેનો જવાબદાર કોણ? તેવો સવાલ સ્થાનિક લોકો પૂછી રહ્યા છે.

સ્થાનિક જનતા અને સામાજિક કાર્યકરો દ્વારા દેવગઢ બારીઆ તાલુકાના આ બિસ્માર સ્ટેટ હાઈવે રસ્તાઓને લઈને માર્ગ અને મકાન વિભાગ તેમજ ઉચ્ચ કક્ષાએ અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ તંત્રના બહેરા કાન સુધી જનતાનો અવાજ પહોંચતો નથી. વારંવારની રજૂઆતો છતાં કોઈ પણ પ્રકારનું નિકાલ ન આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનના નામે માત્ર સરકારી ચોપડા ભરાયા છે, પણ વાસ્તવિકતામાં રસ્તાઓ પર મોત ભમતું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ચોમાસાની ગંભીર સ્થિતિ વચ્ચે વાહનચાલકો માટે આ રસ્તાઓ પરથી પસાર થવું એટલે જીવનું જોખમ ખેડવા બરાબર છે. ખાસ કરીને રાત્રિના સમયે અકસ્માત થવાનો ભય સતત મંડરાતો રહે છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર દેવગઢ બારીઆના સુષુપ્ત તંત્રને ઢંઢોળીને પૂછવા માંગે છે કે, શું તમે કોઈ મોટા અકસ્માતની કે જાનહાનિની રાહ જોઈ રહ્યા છો? પ્રિ-મોન્સૂનની ગ્રાન્ટો ક્યાં વપરાઈ ગઈ? હવે જોવાનું એ રહેશે કે મીડિયામાં અહેવાલ આવ્યા બાદ પણ એસી ચેમ્બરોમાં બેસતા અધિકારીઓની આંખ ખુલે છે કે કેમ અને ખખડધજ બનેલા રસ્તાઓનું વહેલી તકે સમારકામ હાથ ધરાય છે કે જનતાએ આવા જ બિસ્માર રસ્તાઓ પરથી પસાર થવા મજબૂર રહેવું પડશે.


મોરબીના જેતપુર ઉપવાસ છાવણીમાંથી કરી જાહેરાત

# જંબુસર ભાજપ મહામંત્રીએ ખેડૂતોના ન્યાય માટે રાજીનામું આપ્યું

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર તાલુકા ભાજપના મહામંત્રી કિરીટભાઈ કશીભાઈ પટેલે (ઉર્ફે મુન્નાભાઈ જાફરપુરા) ખેડૂતોના પ્રશ્ને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમણે મોરબી જિલ્લાના જેતપુર ખાતે ખેડૂતોની ઉપવાસ છાવણીમાંથી આ મોટી જાહેરાત કરી હતી.






પટેલે જણાવ્યું કે ગુજરાતમાં પાવર ગ્રીડ કંપનીના મુદ્દે ખેડૂતો સાથે કથિત અન્યાય થઈ રહ્યો છે. આ મુદ્દે ભારતીય જનતા પાર્ટીને રાજકીય રીતે મહત્વનો ઝટકો લાગ્યો છે.

ખેડૂતોના હિતમાં સરકાર, સ્થાનિક ધારાસભ્ય અને સંબંધિત અધિકારીઓ સમક્ષ અનેક વખત રજૂઆત કરવા છતાં આ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી. આથી, ખેડૂતોના ન્યાય માટે તેમણે પક્ષના હોદ્દાનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો.

કિરીટભાઈ પટેલે નિવેદન આપ્યું હતું કે, 'જે ખેડૂતોના મતથી ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી છે, તે જ ખેડૂતોના ન્યાય માટે સરકાર બોલવા તૈયાર નથી. ખેડૂતોના હિત અને ન્યાય માટે હું જંબુસર તાલુકા ભાજપના મહામંત્રી પદ પરથી રાજીનામું આપું છું.'

આ ઘટનાએ જંબુસર સહિત રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. ખેડૂતોના આંદોલન વચ્ચે ભાજપના એક હોદ્દેદારના રાજીનામાને રાજકીય રીતે મહત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

# અંકલેશ્વરમાં MD ડ્રગ્સ સાથે 3 આરોપીઓની ધરપકડ : ઉમરવાડા રોડ પરથી પોલીસે 3.76 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ઉમરવાડા રોડ પરથી મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે કુલ 3.76 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ડ્રગ્સ, કાર, બાઈક અને મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. પોલીસને બાતમી મળી હતી કે સુરત પાર્સિંગની સિયાઝ કારમાં એક વ્યક્તિ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો લઈને ઉમરવાડા રોડ પરથી પસાર થવાનો છે. આ બાતમીના આધારે, અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ઉમરવાડા જવાના રોડ પર ગુડ્સ ટ્રેન ગરનાળા નીચે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બાતમીવાળી કાર અને એક બાઈક આવતા પોલીસે તેમને રોક્યા હતા. કારની તલાશી લેતા, સિગારેટના બે બોક્સમાં સંતાડેલું 12.12 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આ ડ્રગ્સની કિંમત



36,000 આંકવામાં આવી છે. પોલીસે કોસંબાના તરસાડીની સહયોગ સોસાયટીમાં રહેતા હેમંત દિનેશ પટેલને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે આ જથ્થો તેણે ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતા અક્ષય ઉર્ફે સની ઠાકુર પાસેથી મેળવ્યો હતો અને સૌરભ પ્રકાશ દેવરે તથા વિશાલ જુગલ તિવારીને છૂટક વેચાણ કરવા જઈ રહ્યો હતો. પોલીસે ડ્રગ્સ ઉપરાંત કાર, બાઈક અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ 3.76 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જાફરપુરા પાસે ઝાડીમાં લાલ થેલીમાં મળ્યું નવજાતનું મૃતદેહ, માતૃત્વ પર પ્રશ્નચિહ્ન

# જન્મ છુપાવવાના ઈરાદે અજાણી મહિલાએ નવજાતને ત્યજી દીધાની શંકા : ઝાલોદ પોલીસે હાથ ધરી તપાસ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામે માનવતાને ઝંઝોળી નાખે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગામના હોળી ફળિયામાં રહેતા રમેશભાઈ પિથાભાઈ ડામોરના ખેતર નજીક ઝાડી-ઝાંખરાવાળા ખાડામાં લાલ રંગની પ્લાસ્ટિક થેલીમાંથી તાજુ જન્મેલા નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, રમેશભાઈ બપોરના આશરે બે વાગ્યાના સમયે પોતાના ખેતરમાં ખેતીકામ કરી રહ્યા હતા. ત્યારે ગામના કેટલાક બાળકો ઢોર ચરાવતા દરમિયાન ખેતર નજીકના ખાડામાં શંકાસ્પદ લાલ થેલી દેખાતા રમેશભાઈને જાણ કરી હતી. ત્યારબાદ રમેશભાઈ સ્થળ પર પહોંચી તપાસ કરતાં થેલીમાં નવજાત શિશુનો મૃતદેહ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં ગામના સરપંચ પ્રકાશભાઈ લાલસીંગભાઈ ડામોર સહિત પરિવારજનો અને ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા. થેલી ખોલતા અંદર તાજુ જન્મેલું મૃત હાલતમાં બાળક જોવા મળ્યું હતું, જેને જોઈ સૌ કોઈ હચમચી ઉઠ્યા હતા. પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કોઈ અજાણી મહિલાએ સમાજથી જન્મની હકીકત છુપાવવા અથવા અન્ય કારણસર નવજાતને જન્મ બાદ ઝાડીમાં ત્યજી દીધું હોઈ શકે. આ કૃત્યે માતૃત્વની મમતા અને માનવતાને જ સવાલો હેઠળ મૂકી દીધી છે. બનાવની જાણ થતાં ઝાલોદ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને કબજે લઈ ઝાલોદ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. હાલ પોલીસે અજાણી મહિલાની શોધખોળ સાથે સમગ્ર મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ જાફરપુરા સહિત સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

# અંકલેશ્વર GIDCમાં આગ : શારદા સિન્થેટિક કંપનીમાં ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ કાબૂ મેળવ્યો





ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDCમાં આવેલી શારદા સિન્થેટિક કંપનીમાં આજે વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. વરસાદી માહોલ વચ્ચે લાગેલી આ આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કંપનીમાંથી ઊંચી અગ્નિ જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી નજરે પડ્યા હતા. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

બે ફાયર ફાઈટરોની મદદથી આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ફાયર કર્મચારીઓએ આગને કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાના અહેવાલ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી અને સંબંધિત વિભાગ દ્વારા આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# મોટી સોલાર કંપનીઓની ગુંડાગીરી? સુરેન્દ્રનગરના મોટી માલવણ ગામમાં મંજૂરી વગર વીજ થાંભલા ઠોકી દીધા

પરંતુ આ સોલાર કંપનીએ તમામ નિયમોને નેવે મૂકીને, રાતોરાત કે ધોળા દિવસે ગેરકાયદેસર રીતે થાંભલા ઊભા કરી દીધા

ધ્રાંગધ્રા / સુરેન્દ્રનગર

સૌરાષ્ટ્રની ધરતી પર વિકાસના ઓઠા હેઠળ મોટી-મોટી કંપનીઓ સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોના હક પર તરાપ મારી રહી હોવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના મોટી માલવણ ગામમાંથી આવો જ એક સનસનાટીપૂર્ણ મામલો સામે આવ્યો છે, જ્યાં ચાલી રહેલા સોલાર પ્રોજેક્ટની કામગીરી સામે સ્થાનિક નાગરિકોએ ગંભીર આક્ષેપો સાથે મોરચો માંડ્યો છે. કંપનીના અધિકારીઓ કાયદા-કાનૂનને ઘોળીને પી ગયા હોય તેમ કોઈ પણ પ્રકારની યોગ્ય મંજૂરી વગર સીધા વીજ થાંભલા ઊભા કરી દેવામાં આવ્યા હોવાનો ધડાકો થતાં સમગ્ર પંથકમાં ભારે હોબાળો મચી ગયો છે.

મોટી માલવણ ગામના જાગૃત સ્થાનિકો અને ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે સોલાર કંપની દ્વારા સત્તાના જોરે અને સરકારી બાબુઓની મિલીભગતથી મનસ્વી રીતે કામગીરી ચલાવવામાં આવી રહી છે. નિયમ મુજબ જ્યારે કોઈ પણ ખાનગી પ્રોજેક્ટ માટે હાઈટેન્શન લાઈન કે વીજ થાંભલા ઊભા કરવાના હોય, ત્યારે જે-તે જમીન માલિકોની સહમતિ અને વહીવટી તંત્રની લેખિત મંજૂરી લેવી અનિવાર્ય હોય છે. પરંતુ આ સોલાર કંપનીએ તમામ નિયમોને નેવે મૂકીને, રાતોરાત કે ધોળા દિવસે ગેરકાયદેસર રીતે થાંભલા ઊભા કરી દીધા છે. ગ્રામજનો પૂછી રહ્યા છે કે કંપનીને આટલી બધી દાદાગીરી કરવાની છૂટ કોણે આપી?

આ કથિત કૌભાંડ અને બેદરકારીની ગંભીરતાને જોતા પાક્કો ગુજરાતની ટીમે ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચીને એક્સક્લુઝિવ રિપોર્ટિંગ કર્યું છે. સ્થાનિકોની જમીન પર બળજબરીપૂર્વક કે વહીવટી પ્રક્રિયા બાયપાસ કરીને થઈ રહેલી આ કામગીરી પાછળ કયા મોટા માથાઓનો હાથ છે, તે હવે તપાસનો વિષય બન્યો છે. જ્યારે સ્થાનિક લોકો આ બાબતે કંપનીના માણસોને સવાલ પૂછે છે, ત્યારે તેમને સંતોષકારક જવાબ આપવાને બદલે સત્તાનો રોફ બતાવવામાં આવતો હોવાની પણ ચર્ચાઓ છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર અને ધ્રાંગધ્રાના વહીવટી તંત્રને સણસણતો સવાલ પૂછે છે કે, સામાન્ય માણસ જો નાનું એવું ગેરકાયદેસર બાંધકામ કરે તો તંત્રના જેસીબી તાત્કાલિક પહોંચી જાય છે, તો પછી કરોડો રૂપિયાના ટર્નઓવર વાળી આ સોલાર કંપની સામે આંખ આડા કાન કેમ કરવામાં આવી રહ્યા છે? શું કંપનીને કાયદામાંથી કોઈ ખાસ મુક્તિ આપવામાં આવી છે? મોટી માલવણ ગામના ખેડૂતો હવે આરપારની લડાઈના મૂડમાં છે. જો તાત્કાલિક આ ગેરકાયદેસર વીજ થાંભલાઓ સામે કડક તપાસ કરીને પગલાં ભરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સોલાર કંપની અને સ્થાનિક વહીવટી તંત્ર સામે ઉગ્ર જનઆંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# ખાનગી કેમિકલ ફેક્ટરીમાં શોર્ટ સર્કિટથી આગ, બે કામદાર દાઝ્યા : વિલાયત GIDCમાં ઔદ્યોગિક સલામતી પર સવાલ ઉઠ્યા

ભરૂચ, રંગુની જાકીર

વાગરા તાલુકાની વિલાયત GIDC સ્થિત એક ખાનગી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ આરતી કેમીકલ ઈન્ડસ્ટ્રીઝમાં રવિવારે સાંજે ગંભીર દુર્ઘટના બની હતી. કંપનીમાં ઈલેક્ટ્રિકલ મેન્ટેનન્સ દરમિયાન શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઉઠી હતી. આ ઘટનામાં બે કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમને તાત્કાલિક ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ ઝારખંડના 24 વર્ષીય ગોવિંદયાસી શિવલાલયાસી અને તેમના સાથી કેલોડ ગામના દેવેન્દ્રસિંહ રાજ કંપનીના સેક્શન નંબર-3માં ઈલેક્ટ્રિકલ પેનલમાં કેબલ નાખવાનું કામ કરી રહ્યા હતા.

દેવેન્દ્રસિંહ પેનલ ઉપર રાખેલા







લાકડાના પાટિયા પર ચડીને કામ કરી રહ્યા હતા. કામ દરમિયાન અચાનક પાટિયું તૂટી જતાં ઈલેક્ટ્રિકલ કેબલ ખેંચાઈ ગયો અને પેનલમાં જોરદાર શોર્ટ સર્કિટ સર્જાયો. શોર્ટ સર્કિટ બાદ તરત જ આગ ભભૂકી ઉઠી હતી અને ઉપર રહેલા કેમિકલ પાવડરમાં પણ ફેલાઈ ગઈ હતી. આગની ઝપેટમાં આવતા ગોવિંદયાસી અને દેવેન્દ્રસિંહ બંને ગંભીર રીતે દાઝી ગયા હતા. ઘટના બાદ કંપનીમાં દોડધામ મચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભરૂચની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર ઔદ્યોગિક એકમોમાં સલામતીના દાવાઓ સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ઉદ્યોગ વર્તુળોમાં ચર્ચા છે કે જો પૂરતી સુરક્ષા વ્યવસ્થા અને સાધનો હોત તો દુર્ઘટના ટાળી શકાઈ હોત. આ બનાવ અંગે વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ બાદ જ સ્પષ્ટ થશે કે આ માત્ર અકસ્માત હતો કે સુરક્ષા વ્યવસ્થામાં બેદરકારી પણ જવાબદાર હતી.

સ્થાનિકો દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે કે, થોડા જ દિવસો અગાઉ સાયખા GIDC સ્થિત નીક્સન ફાર્માસ્યુટીકલ કંપનીમાં લિફ્ટમાંથી પટકાતા 54 વર્ષીય શ્રમિકનું મોત નીપજ્યું હતું. વારંવાર બનતી આવી દુર્ઘટનાઓ છતાં જવાબદારો સામે કડક કાર્યવાહી થાય અને તમામ ઉદ્યોગોમાં સુરક્ષાના ધોરણોનું કડક પાલન કરાવવામાં આવે તેવી માંગ વધુ પ્રબળ બની રહી છે.

ઈડરમાં ભગવાન જગન્નાથજીની

# ભવ્ય રથયાત્રાની તૈયારીઓનો પ્રારંભ : રામજી મંદિર ખાતે નગર ઉત્સવ સમિતિની મહત્વની બેઠક યોજાઈ!

ઈડર (સાબરકાંઠા)

સાબરકાંઠા જિલ્લાના ઐતિહાસિક ઈડર શહેરમાં અષાઢી બીજના પવિત્ર દિવસે નીકળનારી ભગવાન જગન્નાથની પરંપરાગત રથયાત્રાને લઈને અત્યારથી જ ભક્તિભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. ઈડરમાં રથયાત્રાના ભવ્ય આયોજન માટે નગર ઉત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સંદર્ભે ગત રાત્રિએ ઈડરના સુપ્રસિદ્ધ રામજી મંદિર ખાતે એક મહત્વની આયોજન બેઠક યોજાઈ હતી, જેમાં સંતો-મહંતો અને નગરના અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી રથયાત્રાને યાદગાર બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ઈડર શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી ભગવાન જગન્નાથની રથયાત્રા ખૂબ જ



હર્ષોલ્લાસ સાથે કાઢવામાં આવે છે. નગર ઉત્સવ સમિતિ દ્વારા પરંપરા મુજબ રથયાત્રાના એક મહિના અગાઉથી જ વિવિધ વિસ્તારોમાં બેઠકોનો દોર શરૂ કરવામાં આવે છે. આ બેઠકોમાં શહેરના તમામ સમાજના આગેવાનો, વેપારીઓ અને ધર્મપ્રેમી જનતા એકઠા થઈને ઉત્સવની રૂપરેખા તૈયાર કરે છે. રામજી મંદિર ખાતે યોજાયેલી બેઠકમાં સમિતિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, આગામી ૧૦ થી ૧૫ તારીખ સુધી શહેરમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર જોવા મળશે.

રથયાત્રાના રૂટ અને સમગ્ર ઈડર શહેરને આ વખતે અદભુત રોશની અને ધ્વજ-પતાકાથી સુશોભિત કરવામાં આવશે. આ ઉપરાંત, રથયાત્રામાં જોડાનારા વિવિધ અખાડાઓ અને તેમના હેરતઅંગ્રેજ કરતબો આ વર્ષે નગરજનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ બેઠકમાં નગર ઉત્સવ સમિતિના પ્રમુખ પ્રદીપભાઈ ખરાદી, ઉપપ્રમુખ કુણાલભાઈ સગર અને ખજાનચી ભવરલાલ સોની દ્વારા આગામી કાર્યક્રમો અને વ્યવસ્થા અંગે વિશેષ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

બેઠકમાં આધ્યાત્મિક ઊર્જા પૂરવા માટે મહાકાલેશ્વર મંદિરના પૂજ્ય મહંત મહાકાલ ગીરી મહારાજ, રામ દ્વારા મંદિરના મહંતશ્રી, તેમજ શહેરના અગ્રણીઓ સર્વશ્રી કૈલાશભાઈ, પ્રકાશભાઈ પરમાર, વિષ્ણુભાઈ સગર, નિવૃત્ત શિક્ષક વી.કે. પટેલ, સંજયભાઈ સોની, વિપુલભાઈ લોનવાલા, કિશનભાઈ સોની સહિત મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કોમી એકતા અને અખંડ શ્રદ્ધાના પ્રતીક સમાન ઈડરની આ રથયાત્રાને સફળ બનાવવા માટે તમામ ધર્મના લોકો અને સંગઠનો અત્યારથી જ સેવામાં લાગી ગયા છે. નગર ઉત્સવ સમિતિએ તમામ ભક્તજનોને આગામી દિવસોમાં યોજાનારા ધાર્મિક ઉત્સવોમાં ઉમળકાભેર ભાગ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# ભરૂચ રેલ્વે પ્લેટફોર્મ પરથી 8 કિલો ગાંજો ઝડપાયો : 'મિશન સેફ સ્ટેશન' હેઠળ લાવારિસ બેગમાંથી ₹4.03 લાખનો જથ્થો મળ્યો

પોલીસની હાજરીનો અણસાર મળતા આરોપી બેગ સ્ટેશન પર જ છોડીને ફરાર થઇ ગયો હોવાનું મનાય છે, પોલીસે અજાણ્યા શખ્સ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ રેલ્વે સ્ટેશન પર 'મિશન સેફ સ્ટેશન' અભિયાન અંતર્ગત મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રેલ્વે પોલીસે પ્લેટફોર્મ નંબર-3 પરથી રૂ. 4.03 લાખથી વધુ કિંમતનો 8.075 કિલોગ્રામ ગાંજાનો જથ્થો લાવારિસ હાલતમાં જપ્ત કર્યો છે. આ કાર્યવાહીથી નશાના કારોબારને મોટો ફટકો પડ્યો છે.

ભરૂચ GRPના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એસ.દેસાઈની સૂચના મુજબ, ASI જેતાભાઈ દલાભાઈ અને પોલીસ સ્ટાફ સ્ટેશન પર ફૂટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન પ્લેટફોર્મ નંબર-3 પર આવેલી જૂની સ્ટેશન અધિક્ષક કચેરી પાસે એક શંકાસ્પદ કાળા રંગની બેગ જોવા મળી હતી. પોલીસે



બેગની તપાસ કરતાં તેમાંથી 8.075 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસનું અનુમાન છે કે ગાંજાની હેરાફેરી માટે આ જથ્થો ટ્રેન મારફતે લાવવામાં આવ્યો હતો. પોલીસની હાજરીનો અણસાર મળતા આરોપી બેગ સ્ટેશન પર જ છોડીને ફરાર થઈ ગયો હોવાનું મનાય છે. પોલીસે અજાણ્યા શખ્સ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

આ સફળ કામગીરી દર્શાવે છે કે રેલ્વે સ્ટેશનો મારફતે થતા નશાકારક પદાર્થોના ગેરકાયદે પરિવહન પર પોલીસની બાજ નજર છે. 'મિશન સેફ સ્ટેશન' અંતર્ગત ભરૂચ GRPની આ કાર્યવાહીએ નશાના નેટવર્ક સામે કડક સંદેશ આપ્યો છે.



### સાકિબે બહેન પાસેથી કામ કઢાવવાની ટ્રિકનો ખુલાસો કર્યો

# 'એંગ્રી યંગ વુમન બનવાનું સપનું છે': અભિનેત્રી હુમા કુરૈશીનું નિવેદન

મુંબઇ

'સલીમ સિબલિંગ' એટલે કે હુમા કુરેશી અને તેના ભાઈ સાકિબ સલીમ ભારતની પહેલી 'હિટ વુમન' એટલે કે બેબીની વાર્તા લઈને સિનેમાઘરોમાં આવી રહ્યા છે. આ ક્રાઈમ થ્રિલર ફિલ્મના પ્રમોશન માટે હુમા અને સાકિબ અમદાવાદના ઝાયરા ડાઈમંડ હાઉસ ખાતે પહોંચ્યા હતા. હુમા અને સાકિબે વાતચીતમાં ફિલ્મની વાર્તા, ભાઈ-બહેનના બોન્ડ અને એંગ્રી યંગ વુમનના ટેગ વિશે ખૂલીને વાત કરી. 'સલીમ સિબલિંગ' પ્રોડક્શન હાઉસની શરૂઆત 'બેબી ડુ ડાઈ ડુ'થી જ કેમ કરવાનું વિચાર્યું? આ પ્રશ્નના જવાબમાં સાકિબે કહ્યું કે, 'આ ફિલ્મની ઓરિજનલ સ્ક્રિપ્ટ હુમા પાસે આવી હતી, જે તેને ખૂબ જ ગમી હતી. તેણે તેને બીજા લોકો સાથે બનાવવાનો પ્રયત્ન કર્યો, પણ વાત આગળ વધી શકી નહીં. ત્યારબાદ મારી પાસે સ્ક્રિપ્ટ આવી, મેં વાંચી અને મને પણ પસંદ પડી. પરંતુ અમને લાગ્યું કે તેમાં કેટલાક ફેરફારની જરૂર છે, કારણ કે જ્યારે ઓરિજનલ સ્ક્રિપ્ટ આવી હતી, તેને બે વર્ષ થઈ ગયા હતા. તો બાદમાં નચિકેત સાવંત (ડિરેક્ટર)ની એન્ટ્રી થઈ. પછી અમે હુમાને કહ્યું કે, હવે તમે ચીલ કરો, અમે છ મહિનામાં આ સ્ક્રિપ્ટ લઈને તમારી પાસે પાછા આવીએ છીએ.' હુમાએ વાતને આગળ વધારતા કહ્યું કે, 'અમે બધાએ સ્ક્રિપ્ટ વાંચી, પછી અમે લેખક ગૌરવ શર્માને આ ફિલ્મમાં લાવ્યા. આ લાંબી પ્રક્રિયા હતી, પણ બધાએ મળીને જે એક સ્ટોરી ક્રેક કરી, એ કમાલ છે. એક બોલી અને સાંભળી ન શકતી યુવતી, જે હિટ વુમન છે, જેની લાલ છત્રીમાં બંદુક છે, તે બે જિંદગી જીવે છે. પણ આ બધું શા માટે છે? તે વાર્તા તમને જકડીને રાખશે. અમને આ ફિલ્મ બનાવવામાં ખૂબ મજા આવી છે.' 'બેબી ડુ ડાઈ ડુ'માં હુમાને હિટ વુમનનું ટેગ આપવામાં આવ્યું છે. ત્યારે ઈન્ડસ્ટ્રીની એંગ્રી યંગ વુમન ટેગ વિશે વાત કરતા હુમાએ કહ્યું, 'આપણે ત્યાં એંગ્રી યંગ મેન ઘણા વર્ષોથી છે, સલીમ-જાવેદ સાહેબે તે પાત્રને ખૂબ જીવંત બનાવી દીધું છે. મારું તો સપનું છે કે, હું એંગ્રી યંગ વુમનને રિપ્રેઝેન્ટ કરું અને આ ફિલ્મની એંગ્રી યંગ વુમન બનું.' 'પ્રોડ્યુસર હંમેશા સાચો હોય છે' ભાઈ-બહેને સાથે મળીને ફિલ્મ બનાવી, હુમા સ્ક્રિન પર હતી અને સાકિબ બેકસ્ટેજ, તો ક્રિએટિવ ડિફરન્સિસમાં કોણ જીતતું હતું? તેના જવાબમાં હુમાએ કહ્યું કે, 'ક્રિએટિવ ડિફરન્સિસમાં સાકિબ હંમેશા જીતતો હતો, કારણ કે પ્રોડ્યુસર હંમેશા સાચો હોય છે.' હુમાની વાતને અટકાવતા સાકિબે કહ્યું કે, 'તમે જ્યારે હુમા સાથે ડિસ્કશન કરી રહ્યા હોવ અને એવો સ્ટેજ આવી જાય કે તમને લાગે એ નહીં માને, ત્યારે અમે કહીએ છીએ કે, એક શોટ તમારા પ્રમાણે આપી દો, એક શોટ અમારા પ્રમાણે આપી દો, એડિટ સમયે જોઈ લઈશું.

**હુમાની ફિલ્મ ઈન્ડિયાની પહેલી હિટ-વુમનની વાર્તા છે. 'બેબી ડુ ડાઈ ડુ' 3 જુલાઈ 2026ના રોજ રિલીઝ થવાની છે**

# દિયા મિર્ઝાનું પ્લાસ્ટિક જ્ઞાન સાંભળી ફેન્સ નારાજ

## અભિનેત્રીએ તાજેતરમાં જ તેના 5 વર્ષના પુત્ર અવ્યાન આઝાદ રેખી વિશે એક ખુલાસો કર્યો છે, જેનાથી લોકો ગુસ્સે થયા



મુંબઇ

બોલીવુડ અભિનેત્રી દિયા મિર્ઝા હાલમાં ટ્રોલ્સના નિશાના પર છે. અભિનેત્રીએ તાજેતરમાં જ તેના 5 વર્ષના પુત્ર અવ્યાન આઝાદ રેખી વિશે એક ખુલાસો કર્યો છે, જેનાથી લોકો ગુસ્સે થયા છે. દિયાએ ખુલાસો કર્યો છે કે તેના 5 વર્ષના પુત્રએ ડિલિવરી બોયને સખત ઠપકો આપ્યો હતો. દિયા મિર્ઝા તાજેતરમાં અભિનેત્રી સોહા અલી ખાનના પોડકાસ્ટ પર મહેમાન તરીકે દેખાઈ હતી. ઈન્ટરવ્યુ દરમિયાન, તેણીએ હવામાન પરિવર્તન અને પ્લાસ્ટિક બેગના ઉપયોગ સામેના તેના સખત વિરોધ વિશે ચર્ચા કરી હતી. વાતચીત દરમિયાન, દિયાએ તેના 5 વર્ષના પુત્ર વિશે એક કિસ્સો પણ શેર કર્યો. અભિનેત્રીએ જણાવ્યું હતું કે, તેના પુત્રએ પ્લાસ્ટિકના સ્ટ્રોથી પ્લાસ્ટિકની થેલીમાં નારિયેળ લાવવા બદલ ડિલિવરી બોયને ઠપકો આપ્યો હતો. પોડકાસ્ટ પર બોલતા, દિયાએ કહ્યું કે, "નારિયેળ વેચનાર નારિયેળ પહોંચાડતો હતો. પ્લાસ્ટિકની થેલીમાં નારિયેળ પાણી અને પ્લાસ્ટિકના સ્ટ્રો જોઈને મને સૌથી વધુ ગુસ્સો આવે છે." પરંતુ ગરીબ છોકરાને ખબર નહોતી કે તે કોને નારિયેળ પહોંચાડી રહ્યો છે. અવયાન ડિલિવરી બોય માટે દરવાજો ખોલ્યો. પ્લાસ્ટિક બેગમાં નારિયેળ જોઈને તેણે ડિલિવરી બોયને કહ્યું કે, "ભાઈ, હું તેને પ્લાસ્ટિકમાં લાવ્યો હતો. અમારા ઘરમાં પ્લાસ્ટિક પ્રતિબંધિત છે. તમે તેને પ્લાસ્ટિક બેગમાંથી બહાર કાઢો, નીચે મૂકો, અને પ્લાસ્ટિક અને સ્ટ્રો તમારી સાથે લઈ જાઓ." દિયાની વાત સાંભળ્યા પછી, સોહાએ અવ્યાનના આત્મવિશ્વાસ અને સમજદારીની પ્રશંસા કરી. પરંતુ લોકોને દિયાના દીકરાનો ડિલિવરી બોય પરનો ગુસ્સો ગમ્યો નહીં. તેના દીકરા વિશેનું આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. ડિલિવરી બોય પરના ગુસ્સા માટે લોકો દિયાની ટીકા કરી રહ્યા છે. એક યુઝરે પોતાની નારાજગી વ્યક્ત કરતા લખ્યું, "એક બાળક એક ગરીબ નારિયેળ વેચનારને ઠપકો આપે છે જે સળગતા તડકામાં ઘર-ઘર જઈને ગુજારો કરે છે." કેટલાકે એમ પણ પૂછ્યું, "જો દિયાને પ્લાસ્ટિકથી આટલી સમસ્યા છે, તો તે મેકઅપ કેમ કરે છે?" મેકઅપ પ્રોડક્ટ્સ પણ પ્લાસ્ટિક પેકેજિંગમાં આવે છે.

# કલ્કિ-ટુમાં આલિયા ભટ્ટનું રહસ્યમય પાત્ર ઉમેરાયું, પાંચ દિવસ શૂટિંગ થયું

## સાયફાય ફિલ્મ 'કલ્કિ 2898 AD'ના બીજા ભાગનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. અશ્વિન નાગ નિર્દેશિત આ ફિલ્મમાં આલિયા ભટ્ટ પણ જોવા મળશે, જોકે તેનું પાત્ર રહસ્યમય છે.

મુંબઇ

હોલીવૂડની બરાબરી કરે તેવી ભારતીય સાયફાય કલ્કિ ૨૮૯૮ એડીના બીજા ભાગનું કામ ચાલી રહ્યું છે. અશ્વિન નાગ નિર્દેશિત આ ફિલ્મના બીજા ભાગમાં આલિયા ભટ્ટ પણ જોવા મળશે. સવાલ એ છે કે તે કયું પાત્ર ભજવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આલિયા ભટ્ટ કલ્કિ ૨૮૯૮ એડી યુનિવર્સમાં સામેલ થઈ છે પણ આ અંગે સત્તાવાર સમર્થન મળે તેની રાહ જોવાઈ રહી છે. આલિયા ભટ્ટે ગયા મહિને હૈદરાબાદમાં યોજાયેલાં પાંચ દિવસના શૂટમાં પણ ભાગ લીધો હતો. પુરાણ કથાઓ અને સાયફાયનું અજબ મિશ્રણ કરી કલ્કિમાં ભાવિનો અનોખો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. હવે ફિલ્મના વિલન યાસકિનને હવે કેન્દ્રસ્થાને રજૂ કરી ફિલ્મના પાત્રોને વધારે મજબૂત બનાવવામાં આવી રહ્યા હોવાની જોરદાર ગોસિપ ચાલી રહી છે. ૨૦૨૪માં આવેલી કલ્કિ ૨૮૯૮ એડી બોક્સ ઓફિસ પર સફળ નીવડી હતી. અશ્વિન નાગ નિર્દેશિત આ ફિલ્મના બીજા ભાગનું શૂટિંગ એપ્રિલમાં પુરૂ કરી ૨૦૨૭ના ડિસેમ્બરમાં થિયેટર્સમાં રજૂ કરવાની યોજના છે.

આલિયા ભટ્ટની આગામી ફિલ્મ આલ્ફા ત્રીજી જુલાઈએ થિયેટર્સમાં રજૂ થવાની છે. એ પછી તેની લવ એન્ડ વોર આવશે જેનું શૂટિંગ હાલ ચાલી રહ્યું છે. તેમાં પણ જો આલિયા ભટ્ટ કલ્કિમાં દેખાશે તો તેની સ્ટારવેલ્યુમાં વધારો થશે એ નક્કી છે. નોંધનીય છે કે આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, બોબી દેઓલ અને અનિલ કપૂર અભિનીત ફિલ્મ 'આલ્ફા' ને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા UA 16+ રેટિંગ સાથે મંજૂરી આપવામાં આવી છે. 'આલ્ફા' યશ રાજ ફિલ્મ્સના જાસૂસ બ્રહ્માંડમાં પ્રથમ મહિલા જાસૂસ ફિલ્મ છે. આ ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ શક્તિશાળી એક્શન મોડમાં જોવા મળશે. ટ્રેલરમાં બંનેના એક્શને ઉત્સાહ વધાર્યો છે. આ ફિલ્મ 3 જુલાઈના રોજ મોટા પડદા પર રિલીઝ થવાની છે. 'આલ્ફા' એટલે કે ફિલ્મની લંબાઈનો રનટાઈમ 140 મિનિટ (બે કલાક અને 20 મિનિટ) નક્કી કરવામાં આવ્યો છે. જોકે, કેટલા કાપ મૂકવામાં આવ્યા છે તે અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.





# 15 વર્ષના દુઃખી લગ્નજીવન કરતાં 5 વર્ષનું લિવ-ઇન બેસ્ટ': ઝીનત અમાન

## 'બેબી બૂમર' ઝીનત અમાનની 'Gen-Z'ને રિલેશનશીપ એડવાઇઝ, કહ્યું- દરરોજ હનીમૂન નથી હોતું

મુંબઇ

'બેબી બૂમર' જનરેશન (1946થી 1964 વચ્ચે જન્મેલા લોકો) અને 80ના દાયકામાં મોટા પડદા પર રાજ કરનારા બોલિવૂડના દિગ્ગજ એક્ટ્રેસ ઝીનત અમાન પોતાના બેબાક અંદાજ માટે જાણીતા છે. તાજેતરમાં જ તેમણે Gen-Z કપલ્સને મહત્ત્વની રિલેશનશિપ એડવાઈઝ આપી છે. 74 વર્ષના એક્ટ્રેસે લિવ-ઈન રિલેશનશિપના જોરદાર વખાણ કરતાં કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિએ લગ્ન જેવું મોટું કાનૂની પગલું ભરતા પહેલા પોતાના પાર્ટનર સાથે લિવ-ઈન રિલેશનમાં રહેવું જોઈએ. તેમના મતે, 15 વર્ષના દુઃખી લગ્નજીવન કરતાં 5 વર્ષનું લિવ-ઈન રિલેશનશિપ ઘણું સારું છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં ઝીનત અમાનની આ સલાહ પર તેમની સમકાલીન એક્ટ્રેસ મુમતાઝ અને સાયરા બાનોએ ટીકા પણ કરી હતી, પરંતુ ઝીનત પોતાની વાત પર મક્કમ છે. ઝીનત અમાનના અંગત જીવનના અનુભવો શાહી અને ગ્લેમરસ દેખાતા ઝીનત અમાનની આ નકારાત્મક લગ્નજીવન પ્રત્યેની વિચારધારા તેમના પોતાના કડવા અનુભવોમાંથી આવી છે. 1978માં તેમણે એક્ટર સંજય ખાન સાથે લગ્ન કર્યા હતા, જેઓ પહેલેથી જ પરિણીત હતા અને ચાર બાળકોના પિતા હતા. સંજય ખાન પર શારીરિક હિંસા અને મારપીટના આરોપો લગાવ્યા બાદ 1979માં બંનેના છૂટાછેડા થઈ ગયા. ત્યારબાદ 1985માં તેમણે એક્ટર મઝહર ખાન સાથે લગ્ન કર્યા અને 1998માં તેમના અવસાન સુધી તેઓ સાથે રહ્યા. જોકે, 1999માં સિમી ગ્રેવાલના શોમાં ઝીનતે સ્વીકાર્યું હતું કે તેઓ મઝહર ખાન સાથેના લગ્નજીવનમાં પણ ખુશ નહોતા. એક વાતચીત દરમિયાન ઝીનત અમાનને પૂછવામાં આવ્યું કે આજના સમયમાં લિવ-ઈન કેમ જરૂરી છે? ત્યારે તેમણે ટૂંકમાં જ ઉત્તર આપતા કહ્યું કે, "આજના સમયમાં, અને પહેલા પણ, કોઈ વસ્તુ કાયમ માટે ટકતી નથી. કાનૂની કમિટમેન્ટ (લગ્ન) કરતા પહેલા તમારે તમારા પાર્ટનર સાથેનો તાલમેલ ચકાસી લેવો જોઈએ. આ મારો અંગત અભિપ્રાય છે. તમારે જાણવું પડશે કે શું તમે માનસિક અને ભાવનાત્મક રીતે એકબીજા સાથે સેટ થઈ શકો છો?"

# 'સારા લોકો સાથે કામ કરવું જરૂરી છે' : કેટલીક ફિલ્મો પસંદગીથી, કેટલીક જીવનની મજબૂરીમાં કરવી પડે છે: અરશદ વારસી

નવી દિલ્હી

'પ્રીતમ એન્ડ પેડ્રો'માં રસપ્રદ પાત્ર ભજવી રહેલા અરશદ વારસીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં સીરીઝ સાથે પોતાના કામના દૃષ્ટિકોણ અને કારકિર્દી વિશે વાત કરી. તેણે જણાવ્યું કે વાર્તામાં શું ખાસ લાગ્યું, રાજકુમાર હિરાણી સાથે કામ કરવું શા માટે સરળ અને મનોરંજક છે અને શા માટે તેના માટે સારી સ્ક્રિપ્ટ સાથે સારું વાતાવરણ પણ જરૂરી છે. તેણે ગોવા શૂટના કિસ્સાઓ, એક્ટિંગ પ્રોસેસ અને સફળતાની વિચારસરણી પણ શેર કરી. સૌથી પહેલાં તેનો વિષય મને મહત્વપૂર્ણ લાગ્યો. સાયબર ક્રાઈમ આજનો મોટો મુદ્દો છે અને તેના વિશે વધુ જાગૃત થવાની જરૂર છે. પરંતુ માત્ર આ જ કારણ નહોતું. મને રાજુ (રાજકુમાર હિરાણી)ની વાર્તા કહેવાની શૈલી ગમે છે. તેના પાત્રો માનવીય હોય છે. 'પેડ્રો'નું પાત્ર ખૂબ જ સુંદર લાગ્યું, જેમાં હ્યુમર, ખુશી અને ભાવનાઓ છે.

આ વાર્તા બહારથી સરળ લાગે છે, પરંતુ અંદર ઘણા સ્તરો છે અને આ જ વાત મને સૌથી વધુ ગમી. બે વાતો છે. પહેલી પ્રોફેશનલ અને બીજી પર્સનલ. પ્રોફેશનલ રીતે તેમને સ્ક્રિપ્ટની શાનદાર સમજ છે અને તે દરેક સીનને બહેતર બનાવે છે. તેની સાથે કામ કરતી વખતે ઘણું શીખવા મળે છે. પર્સનલ રીતે



તેમની સાથે કામ કરવું મજેદાર હોય છે. સેટ પર વાતચીત અને હાસ્ય-મજાકનું સારું વાતાવરણ રહે છે. લોકો તેમને ગંભીર સમજે છે, પરંતુ તેનો સેન્સ ઓફ હ્યુમર ખૂબ સારો છે. આ વખતે મેં રાજુ પાસે એવું કામ કરાવ્યું જે તેણે પહેલાં ક્યારેય નહીં કર્યું હોય. મારી પાસે એક ખુલ્લો પિકઅપ ટ્રક છે. અમે બંને પાછળ બેસીને ગોવા ફરવા ગયા, જેમ કે કોલેજના દિવસોની મજા હોય. ગોવામાં અમે ટીનેજર જેવી હરકતો કરી. તે અનુભવ ખૂબ જ મજેદાર હતો અને આજે પણ યાદ રહેશે. દરેક વ્યક્તિના જીવનમાં આવો સમય આવે છે. કેટલાક કામ દિલથી થાય છે અને કેટલાક જવાબદારીઓના કારણે કરવા પડે છે. પરંતુ સમયની સાથે મેં શીખ્યું કે મારા માટે સારા લોકો સાથે કામ કરવું વધુ જરૂરી છે.

પાક્કો ગુજરાત
બુધવાર | 01 જુલાઈ 2026 | અમદાવાદ

### પેરાગ્વે અને મોરોક્કો પેનલ્ટી શૂટઆઉટમાં જીત્યા; માર્ટિનેલીના ગોલથી બ્રાઝિલ રાઉન્ડ ઑફ-16માં પહોંચ્યું

# જર્મની, નેધરલેન્ડ્સ અને જાપાન ફૂટબોલ વર્લ્ડકપમાંથી બહાર

મુંબઇ

ફૂટબોલ વર્લ્ડ કપમાં મંગળવારે એક મોટો અપસેટ જોવા મળ્યો. જ્યારે પેરાગ્વેએ ચાર વખતની વર્લ્ડ ચેમ્પિયન જર્મનીને પેનલ્ટી શૂટઆઉટમાં 4-3થી હરાવીને બહાર કરી દીધી. આ મેચમાં ગોલકીપર ઓર્લાન્ડો ગિલે બે મહત્વપૂર્ણ બચાવ કરીને ટીમને જીત અપાવી. આ પહેલા 5 વખતની ચેમ્પિયન બ્રાઝિલે એક રોમાંચક મુકાબલામાં જાપાનને 2-1થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું. આ જીત તેના 1958માં સ્વીડનમાં જીતેલા પ્રથમ વર્લ્ડ કપની વર્ષગાંઠના દિવસે આવી. ટીમ 20મી વખત રાઉન્ડ ઑફ 16માં પહોંચી છે. અન્ય એક મેચમાં મોરોક્કોએ નેધરલેન્ડ્સને પેનલ્ટી શૂટઆઉટમાં 3-2થી હરાવ્યું. બ્રાઝિલ હવે રાઉન્ડ ઓફ-16માં આઈવરી કોસ્ટ કે નોર્વે સામે ટકરાશે, જ્યારે પેરાગ્વેનો મુકાબલો ફ્રાન્સ અને સ્વીડનના વિજેતા સાથે થશે. સાથે જ મોરોક્કોનો મેચ કેનેડા સાથે 4 જુલાઈએ થશે. ફોક્સબોરોમાં ફીફા રેન્કિંગમાં 34મા નંબરની ટીમ પેરાગ્વેએ રાઉન્ડ ઑફ-32માં 12મા નંબરની જર્મનીને સખત ટક્કર આપી. નિર્ધારિત સમય અને ઈન્જરી ટાઈમ પછી સ્કોર 1-1ની બરાબરી પર રહ્યો.



પેનલ્ટી શૂટઆઉટમાં જોસ કેનાલેએ પહેલો સડન ડેથ પેનલ્ટી ગોલ કર્યો, જ્યારે ગોલકીપર ઓર્લાન્ડો ગિલે બે મહત્વપૂર્ણ બચાવ કરીને ટીમને જીત અપાવી. અહીં, હ્યુસ્ટનમાં બ્રાઝિલની જીત છેલ્લા ક્ષણોમાં આવી. બીજા હાફમાં સબસ્ટિટ્યૂટ તરીકે ઉતરેલા ગેબ્રિયલ માર્ટિનેલીએ ઈન્જરી ટાઈમના છઠ્ઠા મિનિટમાં ગોલ કરીને મેચ પૂરી થવાના બરાબર પહેલા ટીમને જીત અપાવી દીધી. પેરાગ્વેએ 42મી મિનિટે લીડ લીધી. મિગેલ અલ્મિરોનના પાસ પર માટિયાસ ગાલાર્સાએ ક્રોસ કર્યો, જેના પર જુલિયો એનસિસિઓએ હેડરથી ગોલ કરીને ટીમને 1-0ની લીડ અપાવી. જર્મનીએ 52મી મિનિટે કમબેક કર્યું. ફ્લોરિયન વિટ્ઝના ક્રોસ પર કાઈ હેવર્ટ્ઝે હેડરથી બરાબરીનો ગોલ કર્યો. એક્સ્ટ્રા ટાઈમની 102મા મિનિટમાં જોનાથન તાહે કોર્નર પર ગોલ કર્યો, પરંતુ વીડિયો રિવ્યુમાં વાલ્ડેમાર એન્ટોન દ્વારા ગોલકીપર ઓર્લાન્ડો ગિલને ધક્કો મારવાની પુષ્ટિ થતાં ગોલ રદ કરવામાં આવ્યો. જર્મનીએ પહેલા હાફમાં 78% બોલ પર કબજો જમાવ્યો, પરંતુ પેરાગ્વેની 4-5-1 રક્ષણાત્મક રણનીતિ તોડી શક્યું નહીં. ગ્રુપ સ્ટેજમાં 10 ગોલ કરવા છતાં ટીમ નોકઆઉટમાં સંઘર્ષ કરતી જોવા મળી. મેચ પછી ઓર્લાન્ડો ગિલે કહ્યું, 'અમે દરેક ખેલાડી અને દરેક નાની વાતનું વિશ્લેષણ કર્યું હતું. તેના કારણે જ હું માત્ર બે પેનલ્ટી ચૂકી જવા દીધી. આ જીત પેરાગ્વેના તમામ લોકો માટે છે.' જોસ કેનાલેએ કહ્યું, 'અમે સાબિત કરી દીધું કે અમારી ટીમ કેટલી એકજૂટ છે. આજે અમારે અમારી અસલી રમત બતાવવાની હતી.' કાઈ હાવર્ટ્ઝે હાર પછી કહ્યું, 'આ વર્લ્ડ કપથી અમારી ખૂબ મોટી અપેક્ષાઓ હતી. ફરીથી નિરાશ થવું ખૂબ મુશ્કેલ છે. અમે તકો બનાવવામાં અને રમતની ગતિ જાળવી રાખવામાં સંઘર્ષ કરતા રહ્યા.' આ જર્મની અને પેરાગ્વેનો વર્લ્ડ કપમાં બીજી મેચ હતી. 2002માં જર્મનીએ 1-0થી જીત મેળવી હતી. હવે લગભગ 24 વર્ષ પછી પેરાગ્વેએ તે હારનો બદલો લીધો.

## ન્યૂઝીલેન્ડે 27 વર્ષ પછી ઇંગ્લેન્ડમાં ટેસ્ટ સિરીઝ જીતી

મુંબઇ

બેન સ્ટોક્સ પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચને જીત સાથે યાદગાર બનાવવા માંગતો હતો, પરંતુ તેમ થઈ શક્યું નહીં. ટ્રેન્ટ બ્રિજમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડે ઈંગ્લેન્ડને 160 રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝ 2-1થી જીતી લીધી.

373 રનને ચેઝ કરી રહેલી ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સ 212 રનમાં સમેટાઈ ગઈ. આ સાથે કિવી ટીમે 27 વર્ષ પછી ઈંગ્લેન્ડમાં કોઈ સિરીઝ જીતી. ટીમે આ પહેલા 1999માં આ પરાક્રમ કર્યું હતું. આ ન્યૂઝીલેન્ડની ઈંગ્લેન્ડમાં 20 ટેસ્ટ સિરીઝમાં માત્ર ચોથી જીત છે. ખાસ વાત એ રહી કે ટીમે પહેલી ટેસ્ટ હાર્યા પછી સતત બે મેચ જીતીને સિરીઝ પોતાના નામે કરી. આવું તેણે ઈંગ્લેન્ડમાં બીજી વાર કર્યું છે. બીજી તરફ ઈંગ્લેન્ડને 2012 પછી પહેલી વાર ઘરઆંગણે ત્રણ કે તેથી વધુ ટેસ્ટની સિરીઝ ગુમાવવી



પડી. મેચનો સૌથી મોટો પળ બેન સ્ટોક્સનો સંન્યાસ હતો. 35 વર્ષના ઓલરાઉન્ડરે ચોથા દિવસે નિવૃત્તિની જાહેરાત કરી હતી. ટાર્ગેટને ચેઝ કરતા સ્ટોક્સે પનિંગ કરી અને માત્ર 20 બોલમાં 30 રન બનાવીને ઝડપી શરૂઆત આપી, પરંતુ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહીં.

ઈંગ્લેન્ડે અંતિમ દિવસે 103/4 થી રમવાનું શરૂ કર્યું, પરંતુ સવારના પહેલા કલાકમાં જ મેચ હાથમાંથી નીકળી ગઈ. પહેલા નાથન સ્મિથે એમિલિયો ગે (10)ને આઉટ કર્યો. ત્યારબાદ હેનરી નિકોલ્સના શાનદાર ડાયરેક્ટ હિટ પર જો રૂટ (18) રન આઉટ થયો. ત્યારબાદ ન્યૂઝીલેન્ડે સતત દબાણ જાળવી રાખ્યું. મિચેલ સેન્ટનરે ગસ એટકિન્સનને LBW આઉટ કર્યો, જ્યારે બીજા ડાયરેક્ટ હિટ પર જોશ ટંગ રન આઉટ થયો.

### 39 વર્ષના યોકોવિચની જીત સાથે શરૂઆત

## વિમ્બલ્ડનના પહેલા દિવસે ડિફેન્ડિંગ ચેમ્પિયન સિનર હારતા બચ્યો

મુંબઇ

લંડનના ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં ટેનિસની સૌથી જૂની ટુર્નામેન્ટ વિમ્બલ્ડન શરૂ થઈ ગઈ છે. પહેલા દિવસે સોમવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન જેનિક સિનર 26 વર્ષીય સર્બિયન ખેલાડી મિયોમિર કેકમાનોવિચ સામે 1-2થી પાછળ રહ્યા બાદ સતત બે સેટ જીતીને મેચ જીતી લીધી. ચોથા સેટ દરમિયાન સિનરના શૂઝમાંથી લોહી બહાર આવવા લાગ્યું હતું. મેચ પછી તેણે જણાવ્યું કે તેના પગના અંગૂઠાનો નખ ઉખડી ગયો હતો, પરંતુ તે દર્દ છતાં રમતો રહ્યો. એક સમયે એવું લાગી રહ્યું હતું કે તેને રિટાયર હર્ટ થવું પડશે. પરંતુ, ઇટાલિયન સ્ટારે હાર ન માની અને જીત મેળવી. વુમન્સ



સિંગલ્સમાં જાપાનની નાઓમી ઓસાકાએ ફ્રાન્સની એલ્સા જેકમોટને 6-1, 7-5થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. 25મા ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ સાથે નવો વર્લ્ડ રેકોર્ડ બનાવવાનો પ્રયાસ કરી રહેલા સર્બિયાના 39 વર્ષીય નોવાક યોકોવિચે ચીનના વુ યિબિંગને હરાવીને બીજા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું. જોકે, જીત માટે તેને ચાર સેટ સુધી રમવું પડ્યું. ફ્રેન્ચ ઓપનના ત્રીજા રાઉન્ડમાં બ્રાઝિલના યુવા ખેલાડી જોઆઓ ફોન્સેકા સામે હાર્યા બાદ યોકોવિચ પ્રથમ વખત કોર્ટ પર ઉતર્યો હતો. મેચ પછી યોકોવિચે કહ્યું, 'આજની મેચ મારા માટે ખરેખર પડકારજનક હતી. હું જીતથી ખુશ છું, પરંતુ સંપૂર્ણપણે તાજગી અનુભવી રહ્યો નથી. સાચું કહું તો, કોર્ટ પર એવું બિલકુલ ન લાગ્યું કે આ ટુર્નામેન્ટનો પહેલો જ રાઉન્ડ છે. સાડા ત્રણ કલાક ચાલેલી આ મેચમાં સિનરે કેકમાનોવિચને 4-6, 6-3, 6-7, 6-2, 6-3 થી હરાવી દીધો. જીત બાદ સિનરે કહ્યું- 'સેન્ટર કોર્ટ પર પહેલી મેચ રમવી સન્માનની વાત છે.

## એશિયન ગેમ્સ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ જાહેર

### હરમનપ્રીતને કેપ્ટન, મંધાનાને વાઇસ-કેપ્ટન બની; યાસ્તિકાની જગ્યાએ કમલિનીને તક મળી

મુંબઇ

આવતા મહિને જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. સિલેક્ટર્સે હરમનપ્રીત કૌરને કેપ્ટન અને સ્મૃતિ મંધાનાને વાઈસ-કેપ્ટન બનાવ્યાં છે.

BCCIની સિનિયર પસંદગી સમિતિએ વિકેટકીપર યાસ્તિકા ભાટિયાના સ્થાને જી. કમલિનીને તક આપી છે. શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ અને ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા જેવા સિનિયર્સ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

યાસ્તિકા ભાટિયાને ડ્રોપ કરાઈ, કમલિનીને તક ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલી વિકેટકીપર યાસ્તિકા ભાટિયાને ટીમમાંથી પડતી મૂકી છે. તેની જગ્યાએ WPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી 17 વર્ષીય યુવા વિકેટકીપર જી.



કમલિનીને તક આપી છે. યાસ્તિકા વર્લ્ડ કપ દરમિયાન મળેલી તકોનો ફાયદો ઉઠાવી શકી નહોતી. તેણે 4 મેચની 3 ઈનિંગ્સમાં 13.66ની સરેરાશ અને 117.14ના સ્ટ્રાઈક રેટથી માત્ર 41 રન બનાવ્યા હતા.

શ્રેયંકા પાટીલ ફિટ, પ્રેમાને તક નહીં સ્પિન ઓલરાઉન્ડર શ્રેયંકા પાટીલને ફિટનેસ ક્લિયરન્સ મળ્યા બાદ ટીમમાં સ્થાન આપ્યું છે. તે T20 વર્લ્ડ કપમાં નેધરલેન્ડ્સ સામે પગની ઘૂંટીમાં ઈજા થવાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. તેમની જગ્યાએ વર્લ્ડ કપ ટીમમાં સામેલ પ્રેમા રાવતને આ વખતે તક મળી નથી. પેસ એટેકની જવાબદારી રેણુકા સિંહ અને અરુંધતી રેડ્ડી સંભાળશે, જ્યારે સ્પિન વિભાગમાં રાધા યાદવ અને શ્રેયંકા પાટીલ મુખ્ય ચહેરા હશે. એશિયન ગેમ્સ T20 ફોર્મેટમાં રમાશે મેચ એશિયન ગેમ્સમાં ક્રિકેટ ઈવેન્ટ T20 ફોર્મેટમાં આયોજિત કરવામાં આવશે. ICC રેન્કિંગમાં ટોચની ટીમમાં સામેલ હોવાને કારણે ભારતીય મહિલા ટીમને સીધા ક્વાર્ટર ફાઈનલ અથવા નોકઆઉટ સ્ટેજમાં એન્ટ્રી મળવાની અપેક્ષા છે. ગયા વખતની જેમ આ વખતે પણ ભારતીય ટીમનો મુખ્ય મુકાબલો પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવી એશિયન ટીમ સામે થવાની અપેક્ષા છે. મુખ્ય કોચ અને મેનેજમેન્ટ ખેલાડીઓના વર્કલોડ અને ફિટનેસ પર સતત નજર રાખી રહ્યા છે. એશિયન ગેમ્સ 2026 માટે ભારતનો સ્ક્વોડ. હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ-કેપ્ટન), શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જી. કમલિની (વિકેટકીપર), ભારતી ફુલમાળી, શ્રી ચરણી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, અરુંધતિ રેડ્ડી, શ્રેયંકા પાટીલ, રાધા યાદવ, નંદની શર્મા. BCCIની સિનિયર પસંદગી સમિતિએ વિકેટકીપર યાસ્તિકા ભાટિયાના સ્થાને જી. કમલિનીને તક આપી છે. શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ અને ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા જેવા સિનિયર્સ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.




### સરકારે કહ્યું- પેટ્રોલમાં 20% ઇથેનોલ ભેળવવું એક પ્રયોગ છે

## ઇથેનોલ ફાળવણીમાં ફેરફાર ન કરો, સુપ્રીમ કોર્ટનો આદેશ

મુંબઇ

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈથેનોલ સપ્લાય વર 2025-26 માટે ઈથેનોલ ફાળવણીમાં કોઈ ફેરફાર ન કરવાનો આદેશ આપ્યો. સુનાવણી દરમિયાન સરકાર વતી એટર્ની જનરલ આર વેંકટરમણીએ જણાવ્યું હતું કે પેટ્રોલ (E20) માં 20% ઈથેનોલ ભેળવવાની સરકારી નીતિ બદલાશે નહીં. આ યોજનાની સંપૂર્ણ અસર આવતા વર્ષ સુધીમાં વધુ સ્પષ્ટ થશે. કોર્ટે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) ની અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ એમ એમ સુંદરેશ અને જસ્ટિસ શીલ નાગુની બેન્ચે આ આદેશ આપ્યો. એટર્ની જનરલે જણાવ્યું હતું કે કર્ણાટક હાઈકોર્ટના આદેશથી સરકારની 20% ઈથેનોલ બ્લેન્ડિંગ યોજના પર અસર પડી શકે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આવા ઘણા




કેસ અલગ-અલગ હાઈકોર્ટમાં ચાલી રહ્યા છે. ઈથેનોલ સપ્લાયના કરારો ઓક્ટોબર 2025માં જ થઈ ચૂક્યા છે સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે BPCL એ હાઈકોર્ટની મોટી બેન્ચમાં અપીલ કેમ ન કરી. આના પર એટર્ની જનરલે કહ્યું કે ઈથેનોલ સપ્લાયના કરારો ઓક્ટોબર 2025માં જ થઈ ચૂક્યા છે. જો દરેક હાઈકોર્ટમાં અલગ-અલગ સુનાવણી થશે તો નિર્ણય આવવામાં વિલંબ થશે અને તેનાથી દેશની નીતિ પ્રભાવિત થઈ શકે છે. તેમણે મામલાને સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર કરવાની પરવાનગી પણ માંગી. સુનાવણી પછી એટર્ની જનરલે કહ્યું કે 20% ઈથેનોલ ભેળવવાની નીતિ બદલાવાની નથી. હા, તેલ કંપનીઓને કેટલું ઈથેનોલ મળશે, તે માંગ અને બીજી પરિસ્થિતિઓ અનુસાર ઓછું કે વધુ હોઈ શકે છે. વિવાદ કેવી રીતે શરૂ થયો. આ મામલો વિનપ ડિસ્ટિલરીઝ એન્ડ સુગર પ્રાઈવેટ લિમિટેડની અરજી સાથે સંબંધિત છે. કંપનીએ કર્ણાટક હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે તેણે માત્ર ઈથેનોલ બનાવવાનો પ્લાન્ટ સ્થાપ્યો છે. તેની વાર્ષિક ક્ષમતા આશરે 9.90 કરોડ લિટર છે, પરંતુ 2025-26 માટે તેને માત્ર 3.92 કરોડ લિટર ઈથેનોલ સપ્લાયનો ઓર્ડર મળ્યો. જ્યારે તેણે 9.26 કરોડ લિટરની બોલી લગાવી હતી.

### ક્રુડ તેલના ભાવ નીચે આવતા ભારતમાં રોકાણકારોના માનસમાં જોવા મળેલો સુધારો

## Mcapની દ્રષ્ટિએ તાઈવાન, દ. કોરિઆને પાછળ મૂકીને ભારત ફરીથી પાંચમાં ક્રમે


મુંબઇ

તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં કરેકશન આવતા ભારતે વૈશ્વિક માર્કેટ કેપમાં પાંચમું સ્થાન ફરી પાછું મેળવી લીધું છે. સપ્તાહના પ્રારંભમાં તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કરવા લાગતા આ બજારોમાં કરેકશન આવ્યું હતું.

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) તથા સેમીકન્ડકટર ક્ષેત્રના શેરોમાં રેકોર્ડ તેજી આવતા તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં તાજેતરમાં ઉછાળો આવ્યો હતો.

તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપ પાંચ ટ્રિલિયન ડોલરની અંદર સરકીને અનુક્રમે છઠ્ઠા અને સાતમા ક્રમે પહોંચી ગઈ છે. જ્યારે ૫.૦૫ ટ્રિલિયન ડોલર સાથે ભારતનો ક્રમ પાંચમો રહ્યો છે.

તાઈવાનની માર્કેટ કેપ ૪.૯૭ ટ્રિલિયન ડોલર



અને દક્ષિણ કોરિઆની ૪.૬૬ ટ્રિલિયમ ડોલર પર આવી ગઈ છે.

વૈશ્વિક માર્કેટ કેપની દ્રષ્ટિએ પ્રથમ ચારમાં અનુક્રમે અમેરિકા, ચીન, જાપાન તથા હોંગકોંગનો સમાવેશ થાય છે. અમેરિકાની માર્કેટ કેપનો આંક ૭૯.૨૬ ટ્રિલિયન ડોલર રહ્યો છે જ્યારે ચીનનો આ આંક ૧૫.૨૩ ટ્રિલિયન ડોલર રહ્યો છે.

વર્તમાન મહિનામાં વૈશ્વિક માર્કેટ કેપની કામગીરી નબળી રહી છે, જ્યારે ભારતની માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે. જૂનમાં ભારતની માર્કેટ કેપમાં ૨.૭૫ ટકા વધારો થયો છે જ્યારે દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં ૪.૭૦ ટકા અને તાઈવાનની માર્કેટ કેપમાં ૨.૩૦ ટકા ઘટાડો થયો છે. ક્રુડ તેલના ભાવમાં મોટો ઘટાડો આવતા વર્તમાન મહિનામાં ભારતની ઈક્વિટી બજારમાં સુધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત વિદેશી રોકાણકારોની સક્રિયતા તથા પશ્ચિમ એશિયા સંઘર્ષ ઠંડો પડતા ભારત માટે સ્થિતિ સાનુકૂળ બની રહ્યાનું નિષ્ણાતો માની રહ્યા છે.

વિદેશી રોકાણને આકર્ષવા રિઝર્વ બેન્ક તથા સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા પગલાંને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે.

### પીયૂષ ગોયલની હાજરીમાં લાઇવ ડેમો થયો

## ગ્રીસમાં શરૂ થઈ ભારતની UPI સર્વિસ: હવે દુનિયાના 10 દેશોમાં ભારતીયો ડિજિટલ પેમેન્ટ કરી શકશે

### એથેન્સમાં યુરોબેંકના હેડક્વાર્ટરમાં યુરોબેંક અને NPCI ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડની ભાગીદારીથી શરૂ થયેલી આ સર્વિસનો લાઇવ ડેમો પણ જોવા મળ્યો.

મુંબઇ

ભારતનું યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) હવે ગ્રીસમાં પણ લાઈવ થઈ ગયું છે. ગ્રીસ આ ડિજિટલ પેમેન્ટ નેટવર્ક સાથે જોડાનાર નવો દેશ બની ગયો છે.

એથેન્સમાં યુરોબેંકના હેડક્વાર્ટરમાં યુરોબેંક અને NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડની ભાગીદારીથી શરૂ થયેલી આ સર્વિસનો લાઈવ ડેમો પણ જોવા મળ્યો.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલની હાજરીમાં ડેમો થયો

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે એથેન્સની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન આ સેવાનો લાઈવ ડેમો જોયો. તેમણે કહ્યું કે UPI ને મળી રહેલી વૈશ્વિક સ્વીકૃતિ એ સાબિત કરે છે કે ભારતની ટેકનોલોજી પર દુનિયાનો વિશ્વાસ વધી રહ્યો છે. આ ટેકનોલોજી સરહદોની પાર પણ સારી રીતે કામ કરી શકે છે. પીયૂષ ગોયલે X પર પોસ્ટ શેર કરીને ગ્રીસમાં UPI શરૂ




થવાની જાણકારી આપી. પીયૂષ ગોયલે X પર પોસ્ટ શેર કરીને ગ્રીસમાં UPI શરૂ થવાની જાણકારી આપી. હવે 10 દેશોમાં મળશે UPIની સુવિધા ગ્રીસના આ નેટવર્કમાં સામેલ થયા પછી હવે દુનિયાના 10 દેશોમાં અલગ-અલગ સ્વરૂપોમાં UPIનો ઉપયોગ કરી શકાશે. આ ભારતીય પ્રવાસીઓ માટે QR-કોડ આધારિત મર્ચન્ટ પેમેન્ટથી લઈને ક્રોસ-બોર્ડર રેમિટન્સ સર્વિસિસ (પૈસા ટ્રાન્સફર કરવા) સુધીની સુવિધા પૂરી પાડે છે. ગ્રીસ પહેલાં કંબોડિયામાં શરૂ થયું હતું UPI ગ્રીસથી બરાબર પહેલાં કંબોડિયા આ યાદીમાં સામેલ થનાર 9મો દેશ બન્યો હતો. આ માટે NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડે ત્યાંની ACLEDA બેંક સાથે ભાગીદારી કરી હતી. આ અંતર્ગત કંબોડિયાના નેશનલ QR કોડ 'KHQR' દ્વારા ક્રોસ-બોર્ડર UPI પેમેન્ટ્સની શરૂઆત કરવામાં આવી હતી. આ પહેલાં સિંગાપોર, UAE, ફ્રાન્સ, મોરેશિયસ, નેપાળ, ભૂટાન, કતાર અને શ્રીલંકાને તે આઠ દેશો તરીકે લિસ્ટ કરવામાં આવ્યા હતા, જ્યાં UPI સ્વીકારવામાં આવી રહ્યું છે. ફ્રાન્સના એફિલ ટાવરથી થઈ હતી શરૂઆત યુરોપમાં UPIના વિસ્તરણમાં ફ્રાન્સ એક અત્યંત મહત્વપૂર્ણ ભાગ રહ્યું છે. વર્ષ 2024માં પેરિસના એફિલ ટાવરથી UPI લોન્ચ કરવામાં આવ્યું હતું.

## સેન્સેક્સ 250 પોઈન્ટ ઘટીને 76479 પર બંધ

- નિફ્ટી 81 પોઈન્ટ ઘટીને 23866 પર આવ્યો
- IT અને મીડિયા શેરોમાં વધુ વેચવાલી રહી

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 30 જૂને ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 250 પોઈન્ટના ઘટાડા સાથે 76,479 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 81 પોઈન્ટનો ઘટાડો રહ્યો. તે 23,866 પર બંધ થયો. IT, FMCG અને મીડિયા શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. સવારે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થાય. સેન્સેક્સ 249.70 પોઈન્ટના ઘટાડા સાથે 76,478.67 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 80.50 પોઈન્ટના ઘટાડા સાથે 23,865.75 અંકે બંધ થયો. આઈશર મોટર્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને ઈન્ફોસિસ નિફ્ટી 50 પર ટોચના ઘટાડામાં સામેલ હતા. જોકે, વ્યાપક બજારમાં, નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલકેપ સૂચકાંકો અનુક્રમે 0.08% અને 0.56% વધ્યા, જે મિડ- અને સ્મોલ-કેપ શેરોમાં ખરીદીનો રસ ચાલુ રાખવાનો સંકેત આપે છે.

ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી આઈટી સૌથી વધુ દબાણનો સામનો કરી રહ્યું હતું, જેમાં 2% થી વધુ ઘટાડો થયો હતો. નિફ્ટી ઓટો અને નિફ્ટી મેટલ સૂચકાંકો પણ નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. તેનાથી વિપરીત, નિફ્ટી કેમિકલ અને નિફ્ટી રિયલ્ટી સૂચકાંકોએ મજબૂતી દર્શાવી. શરૂઆતી સુધારો ઘટ્યો હતો અને ટ્રેડિંગ દરમિયાન ઘટાડો જોવા મળ્યો હતો. રોકાણકારો અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોના પરિણામની રાહ જોઈ રહ્યા છે, જેના કારણે બજારમાં સાવચેતીનું વાતાવરણ સર્જાયું છે. સેન્સેક્સના 30 માંથી 17 શેર ઘટીને બંધ થયા. ઈન્ફોસિસ અને ટીસીએસના શેર 3 ટકાથી વધુ ઘટ્યા, જ્યારે એચસીએલ ટેક અને ટેક મહિન્દ્રાના શેરમાં પણ 2 ટકાથી વધુનો ઘટાડો થયો.

# કોંગ્રેસમાં નેતૃત્વનો અભાવ : જમાલપુર-ખાડિયામાં પાણી મુદ્દે રજૂઆત કરવા શહેર પ્રમુખને આવવું પડ્યું

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના નેતાની નિમણૂક હજી સુધી કરવામાં આવી નથી, ત્યારે કોંગ્રેસના નેતૃત્વમાં અભાવ જોવા મળી રહ્યો છે. કોટ વિસ્તારમાં જમાલપુર અને ખાડિયામાં પાણીના મુદ્દે શહેર પ્રમુખ બે વોર્ડના પ્રમુખ અને કોર્પોરેટરો સાથે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા ગયા હતા.

જોકે મ્યુનિસિપલ કમિશનર મળ્યા નહીં અને મેયર કોંગ્રેસના પ્રતિનિધિત્વ પણ રાહ જોઈને કાર્યક્રમમાં નીકળી ગયા હતા.

કોંગ્રેસમાં વિપક્ષના નેતા જેવા નેતૃત્વ ન હોવાને લઈને રજૂઆત પણ કોઈ સાંભળે નહીં તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જોકે શહેર પ્રમુખે કહ્યું હતું કે, વિપક્ષના નેતા બનાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. ટૂંક જ સમયમાં વિપક્ષના નેતાની જાહેરાત કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના કોટ વિસ્તારના નાગરિકોને દૂષિત અને ખરાબ પાણી મળી રહ્યું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. આ જનહિતના મુદ્દે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા માટે અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ પટેલ પોતે જમાલપુર અને ખાડિયા વોર્ડના કોર્પોરેટરો અને પ્રમુખ સાથે AMC મુખ્ય ઓફિસ ખાતે હાજર રહ્યા હતા.



■ કોંગ્રેસમાં વિપક્ષના નેતા જેવા નેતૃત્વ ન હોવાને લઈને રજૂઆત પણ કોઈ સાંભળે નહીં તેવી સ્થિતિ જોવા મળી રહી છે, જોકે શહેર પ્રમુખે કહ્યું હતું કે, વિપક્ષના નેતા બનાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ટૂંક જ સમયમાં વિપક્ષના નેતાની જાહેરાત કરવામાં આવશે

જોકે, કમિશનર પોતાની ચેમ્બરમાં હાજર ન હોવાને કારણે કોંગ્રેસના નેતાઓએ રજૂઆત કર્યા વગર જ પરત ફરવું પડ્યું હતું.

જમાલપુર અને ખાડિયા જેવા વિસ્તારમાં પાણીની સમસ્યા માટે શહેર પ્રમુખને પોતે આવવું પડ્યું હતું અને મેયરને મળવા માટે તૈયાર હતા, પરંતુ તેઓ રજૂઆત કરવા મોડા આવ્યા તેના કારણે મેયર પોતાના નિર્ધારિત કાર્યક્રમમાં નીકળી ગયા હતા. AMC કોંગ્રેસમાં નેતૃત્વનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહ્યો છે.

શહેર પ્રમુખ બે વોર્ડની સમસ્યા માટે આવ્યા હતા, ત્યારે વોર્ડના કોર્પોરેટરોની ગેરહાજરી સ્પષ્ટપણે આંખે ઊડીને વળગી હતી. એટલું જ નહીં, સ્થાનિક પ્રશ્ન હોવા છતાં જમાલપુર-ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય પણ આ રજૂઆતમાં ક્યાંય જોવા મળ્યા ન હતા. વિપક્ષના નેતાની હજી સુધી નિમણૂક કરવામાં આવી નથી તેના કારણે પ્રતિનિધિત્વ ન હોવાથી શહેર પ્રમુખને આવવું પડ્યું છે.

વિપક્ષના નેતાની નિમણૂંક અંગે જણાવ્યું હતું કે પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને નિરીક્ષકોએ પોતાનો રિપોર્ટ આપી દીધો. આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં એક સાથે જ તમામ વિપક્ષના નેતાઓના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

### કૃષ્ણનગર લૂંટ કેસમાં મોટો ધડાકો

# મુખ્ય આરોપી અજય ગાગડેકરની પત્ની દિવ્યાની ધરપકડ, 25 લાખ રોકડા રિકવર!

અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા સરદાર ચોક ખાતે ગત ૨૭ જૂનના રોજ ફિલ્મી ઢબે થયેલી રૂપિયા ૫૦ લાખની સનસનાટીભરી લૂંટના કેસમાં પોલીસે મોટો વિસ્ફોટ કર્યો છે. આ ચકચારી લૂંટને અંજામ આપનારી કુખ્યાત 'છારા ગેંગ'ના મુખ્ય આરોપી અજય ઉર્ફે અજુભા ગાગડેકરની પત્ની દિવ્યા ગાગડેકરની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે કડક પૂછપરછ કરીને દિવ્યા પાસેથી લૂંટના ૫૦ લાખ રૂપિયામાંથી ૨૫ લાખ રૂપિયાની રોકડ રકમ રિકવર કરવામાં મોટી સફળતા મેળવી છે.

ઘટનાની વિગતો મુજબ, ૨૭ જૂનના રોજ સરદાર ચોક પાસે અસામાજિક તત્વોએ અકસ્માત થયો હોવાનું કહીને એક ગાડીને રોકી હતી. ગાડી ઉભી રહેતાની સાથે જ ગેંગના સાગરીતોએ ગાડીનો કાચ તોડી નાખ્યો હતો અને અંદર રાખેલા રૂપિયા ૫૦ લાખ રોકડા ભરેલી બેગ ઝૂંટવીને રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે કૃષ્ણનગર પોલીસે અજય ઉર્ફે અજુભા ગાગડેકર સહિત ત્રણ સાગરીતો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ તપાસમાં આ ગેંગને લઈને અત્યંત ચોંકાવનારી કડીઓ હાથ લાગી છે. આ લૂંટ કરનારી 'છારા ગેંગ' જ્યારે પણ કોઈ ગુનાને અંજામ આપતી,

■ અકસ્માતનું નાટક રચી ગાડીનો કાચ તોડી 50 લાખ લૂંટનારી ગેંગની 'લેડી ડોન' ઝબ્બે, લૂંટની રકમની વહેંચણી અને કોર્ટ મેનેજમેન્ટ કરતી હતી દિવ્યા!

ત્યારે લૂંટાયેલો તમામ મુદ્દામાલ મુખ્ય સૂત્રધાર અજયની પત્ની દિવ્યા ગાગડેકરને સોંપવામાં આવતો હતો. દિવ્યા જ આ ગેંગની અસલી ઓપરેટર હતી અને તે જ મુદ્દામાલની વહેંચણી કોને કેટલી કરવી તે નક્કી કરતી હતી. એટલું જ નહીં, ગેંગના સભ્યો જ્યારે પકડાઈ જાય ત્યારે તેમને જેલમાંથી છોડાવવા, વકીલો રોકવા અને કોર્ટનું તમામ કાનૂની કામકાજ પણ આ 'લેડી ડોન' દિવ્યા ગાગડેકર જ સંભાળતી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ કોઈ સામાન્ય ચોર-લૂંટારુઓની ટોળકી નથી, પરંતુ લૂંટ અને ચોરી કરવામાં માહેર પ્રોફેશનલ ગેંગ છે. આ ગેંગ સામે ભૂતકાળમાં જુદા જુદા રાજ્યોમાં ૩૦ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ આખી ગેંગની ગંભીરતાને જોતા તેમની સામે અગાઉ 'ગુજસીટોક' (GUJCTOC) જેવો કડક ગુનો પણ નોંધવામાં આવી ચૂક્યો છે. આ ગેંગમાં અજય ગાગડેકર ઉપરાંત: પ્રતીક પાનવેકર, વિશાલ તનવાની, શંકુલ ભોગેકર જેવા રીઢા ગુનેગારો સામેલ છે, જેઓ રસ્તા પર આજુબાજુના લોકોને ડરાવી-ધમકાવીને લૂંટ ચલાવવામાં એક્સપર્ટ છે. હાલમાં પોલીસે કિંગપિન અજયની પત્નીને જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે અને બાકીના ૨૫ લાખ રૂપિયા ક્યાં છે તેની તપાસ શરૂ કરી છે. બીજી તરફ, લૂંટ ચલાવીને ફરાર થઈ ગયેલા અજય ગાગડેકર સહિતના અન્ય સાગરીતોને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને દરોડા શરૂ કર્યા છે. પરંતુ અહીં 'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ એ છે કે, જે ગેંગ સામે ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળ ગુના નોંધાયેલા હોય, તેવા રીઢા ગુનેગારો અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં ખુલ્લેઆમ ફરીને ૫૦ લાખની લૂંટ કરી જાય ત્યાં સુધી પોલીસનું ગુપ્તચર તંત્ર શું ઊંઘતું હતું? હવે જોવાનું એ રહેશે કે પોલીસ આ આખી ગેંગને ક્યારે જેલના સળિયા પાછળ ધકેલે છે અને બાકીની રકમ ક્યારે રિકવર થાય છે!

### ખાખીના નાક નીચે બૂટલેગરો બેફામ

# ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનથી માત્ર 2 મિનિટના અંતરે દારૂનું ખુલ્લેઆમ વેચાણ

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેવા આક્ષેપો અવારનવાર થતા રહે છે, પરંતુ અમદાવાદના હાર્ડ ગણાતા વિસ્તારમાંથી જે વિગતો સામે આવી છે તેણે પોલીસ પ્રશાસનની આબરૂના લીરેલીરા ઉડાવી દીધા છે. અમદાવાદના જમાલપુર ટ્રાફિક બીટની પાછળ દેશી અને વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાના ગંભીર આક્ષેપો ઉઠતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે મોટા સવાલો ઊભા થયા છે.

સ્થાનિક સૂત્રો દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા દાવા મુજબ, જ્યાં આ દારૂનો કાળો કારોબાર ચાલી રહ્યો છે ત્યાંથી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન (Gaekwad Haveli Police Station)



માત્ર બે મિનિટના અંતરે આવેલું છે. કાયદાનો કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર બૂટલેગરો પોલીસ સ્ટેશનની બિલકુલ નજીક જ દેશી અને વિદેશી દારૂની નદીઓ વહાવી રહ્યા છે. સામાન્ય જનતામાં હવે એ ચર્ચા જોર પકડી રહી છે કે, શું બૂટલેગરોને ખાખીનો કોઈ ખોફ જ નથી રહ્યો, કે પછી આ બધું 'મિલિભગત'થી ચાલી રહ્યું છે?

ટ્રાફિકના નિયમો તોડનાર સામાન્ય નાગરિકને તુરંત પકડી પાડતી પોલીસને પોતાની જ ચોકીની પાછળ ચાલતો આટલો મોટો દારૂનો અડ્ડો કેમ દેખાતો નથી?

આક્ષેપો મુજબ, ટ્રાફિક પોલીસ ચોકીની બિલકુલ પાછળ જ આ પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલી રહી છે. રોજ સેંકડો લોકોની અવરજવર વચ્ચે આ રીતે ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવા છતાં સ્થાનિક પોલીસ કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવી નથી. આ નિષ્ક્રિયતા સામે હવે જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# નિકોલની ચાણક્ય સ્કૂલમાં શિક્ષકની હેવાનિયત : માસૂમ વિદ્યાર્થીને એવો લાફો ઝીંક્યો કે કાનનો પડદો ફાટી ગયો..!

શિક્ષણ જગત કલંકિત! સરસ્વતીના ધામમાં રાક્ષસી કુર્તા આચરતો આ 'જલ્લાદ' શિક્ષક ક્યારે જેલ ભેગો થશે? વાલીઓમાં ભારે રોષ!



અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી શિક્ષણ જગતને શરમાવે તેવી અને કોઈ પણ સંવેદનશીલ માણસનું કાળજું કંપાવી દે તેવી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. નિકોલની નામાંકિત *'ચાણક્ય સ્કૂલ'*માં એક નિર્દ શિક્ષકે તમામ હદો પાર કરીને એક માસૂમ વિદ્યાર્થી પર એવો રાક્ષસી પ્રહાર કર્યો કે સાંભળનારના રૂંવાડા ઉભા થઈ જાય! નજીવી બાબતમાં ઉશ્કેરાઈ ગયેલા આ શિક્ષકે વિદ્યાર્થીને કાનના ભાગે એટલો જોરદાર લાફો ઝીંક્યો હતો કે માસૂમ બાળકના કાનનો પડદો ફાટી ગયો હોવાનો સણસણતો ખુલાસો થયો છે!

ચાણક્ય સ્કૂલમાં બનેલી આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારના વાલીઓમાં ભારે ફફડાટ અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્કૂલમાં બાળકોને ભણાવવા અને સંસ્કાર આપવા માટે મોકલવામાં આવે છે, નહીં કે કોઈના અત્યાચારનો ભોગ બનવા! વર્ગખંડમાં બનેલી આ ઘટના બાદ માસૂમ વિદ્યાર્થી કાનના અસહ્ય દુખાવા સાથે ઘરે પહોંચ્યો હતો. જ્યારે વાલીઓ તેને હોસ્પિટલ લઈ ગયા અને ડોક્ટરોએ તપાસ કરી, ત્યારે રિપોર્ટ જોઈને વાલીઓના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ડોક્ટરે સ્પષ્ટ કર્યું કે, કાન પર ભારે દબાણપૂર્વક માર મારવાના કારણે બાળકના કાનનો પડદો સરેઆમ ફાટી ચૂક્યો છે!

સુપ્રીમ કોર્ટ અને સરકારના કડક નિયમો હોવા છતાં કે શાળામાં બાળકો પર શારીરિક કે માનસિક ત્રાસ ગુજારી શકાતો નથી, તેમ છતાં ચાણક્ય સ્કૂલના આ સત્તાધીશો અને શિક્ષક કયા જોરે કાયદાના લીરેલીરા ઉડાવી રહ્યા છે?

'પાક્કો ગુજરાત' ના સીધા અને આકરા સવાલો: અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) આ માસૂમ વિદ્યાર્થીના કાનનો પડદો ફાડી નાખનાર હેવાન શિક્ષક સામે ક્યારે કડક ફોજદારી ગુનો દાખલ કરાવી તેને જેલના સળિયા પાછળ ધકેલશે?

પોતાના કેમ્પસમાં આવી ક્રૂર ઘટના બનવા દેનાર અને કદાચ આ મામલાને દબાવવાનો પ્રયાસ કરનાર 'ચાણક્ય સ્કૂલ'નું લાઈસન્સ સસ્પેન્ડ કેમ ન કરવું જોઈએ?

# ધોળકાના 8 ગામોએ આંદોલન ઉપાડ્યું

## પાઇપલાઇન ખેતરોને બદલે રોડ સાઇડમાં નાખવા માંગ, ખેતરમાં ભજન-કીર્તન કરી વિરોધ : ખેડૂતોના હિતમાં નિર્ણય ન લેવાયો તો આંદોલન વધુ ઉગ્ર બનશે

અમદાવાદ

વિકાસના નામે ખેડૂતોના પેટ પર લાત મારવાનો વધુ એક કિસ્સો અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાંથી સામે આવ્યો છે. ધોળકાના સરગવાળા ગામમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલ લિમિટેડ(GSPL) કંપનીની ગેસ પાઈપલાઈનની કામગીરી સામે સ્થાનિક ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. પૂરતા વળતર અને યોગ્ય સહમતિ વિના જ ખેતરોમાં ગેરકાયદે રીતે જેસીબી મશીનો ઉતારી દેવાતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ વિરોધ પ્રદર્શનમાં આઠથી વધુ ગામના ખેડૂતો વિરોધમાં જોડાયા હતા. જેમાં મહિલાઓએ હાથમાં તાળીઓ પાડી, રામધૂન અને ભજન-કીર્તન કરીને અનોખી શૈલીમાં વિરોધ નોંધાવ્યો છે. ધોળકાના સરગવાળામાં GSPL ગેસ પાઈપલાઈન સામે ભોળાદ, સરગવાળા, અરણેજ, કોઠ ,ભાયલા ,ગાંગડ, સમાણી, જવારજ ગામના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલે છેલ્લા પાંચ દિવસથી ખેતરમાં મંડપ બાંધીને વિરોધ નોંધાવી રહેલા ખેડૂતોનું કહેવું છે કે, 'ગેસની પાઈપલાઈન પસાર થવાથી ઊભા પાકને તો નુકસાન થવાની સાથે ભવિષ્યમાં જમીનના ઉપયોગ, ખોદકામ કે કૂવા-બોર બનાવવા પર કાયમી પ્રતિબંધ આવી જશે.' ખેડૂતોએ જણાવ્યું કે, 'અમે અમારી રજૂઆતો કંપનીના અધિકારીઓને કરી છે, પરંતુ તેઓ અમારી વાતોને અવગણીને પોલીસ પ્રોટેક્શન અથવા સત્તાના જોરે કામગીરી આગળ ધપાવી રહ્યા છે. જો ખેડૂતોના હિતમાં ત્વરિત નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.' હાલ તો સમગ્ર સરગવાળા ગામ એકજૂથ થઈને ઊભું છે, ત્યારે વહીવટી તંત્ર અને GSPL કંપનીની સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિક લોકોની માગ છે કે, 'જિલ્લા કલેક્ટર અને સ્થાનિક ધારાસભ્ય આ મામલે તાકીદે મધ્યસ્થી કરે અને ખેડૂતોને ન્યાય અપાવે. તેમજ ગેસ લાઈન ખેડૂતોના ખેતરના બદલે, રોડની સાઈડમાં નાખવામાં આવે.'

# અમદાવાદમાં 12 હજાર કરોડ રૂપિયાનો લોજિસ્ટિક પ્લાન! ટ્રાન્સપોર્ટ નગરથી માંડીને માઈક્રો ડિલિવરી હબ બનાવાશે

અમદાવાદ

અમદાવાદના શહેરીજનોને ભલે પીવાનું શુદ્ધ પાણી ન મળતું હોય, પરંતુ મ્યુનિસિપલના શાસકો અને અધિકારીઓ વૈશ્વિક કક્ષાના કરોડો રૂપિયાના આયોજનો કરવા માટે હંમેશા તત્પર રહે છે. કંઈક આવો જ વિચાર હવે માલ પરિવહનના ક્ષેત્રમાં શરૂ થયો છે. અમદાવાદ શહેરનો રૂપકડો લોજિસ્ટિક પ્લાન તૈયાર કરાયો છે. ત્રણ તબક્કાના આ પ્લાનમાં શહેરની બહાર ટ્રાન્સપોર્ટ નગર વિકસાવવાથી માંડીને શહેરના આંતરિક વિસ્તારોમાં માઈક્રો ડિલિવરી હબ તેમજ નાના અને ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ સુધીના વિચાર રજૂ થયા છે.

અમદાવાદ શહેર માટે વિકસીત ભારત 2047ને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલો સિટી લોજિસ્ટિક પ્લાન સફળ થાય તો ખૂબ સારી વાત છે. પરંતુ મોટાભાગના



આવા આયોજનોમાં કરોડો રૂપિયાના ખર્ચ પછી સ્થિતિ ઠેરની ઠેર રહે છે અથવા તો બીઆરટીએસ કે મેટ્રો રેલની માફક શહેરીજનો માટે મોટી હાડમારી નોતરે છે. અમદાવાદ સિટી લોજિસ્ટિક પ્લાન હેઠળ 12,315 કરોડ રૂપિયાના મૂડીરોકાણ સાથે ત્રણ તબક્કામાં અમલવારીનો વિચાર વહેતો કરાયો છે. વર્ષ 2025-30, 2030-35 અને 2035-47 દરમિયાન તબક્કાવાર રીતે ત્રિસ્તરીય લોજિસ્ટિક વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. જેમાં સૌપ્રથમ શહેરની બહાર મલ્ટિમોડેલ લોજિસ્ટિક પાર્ક તૈયાર કરાશે. ત્યાર બાદ શહેરી એકત્રીકરણ અને વિતરણ કેન્દ્રો અને અંતિમ તબક્કામાં માઈક્રો ડિલિવરી હબમાંથી નાના વાહનો મારફતે શહેરના આંતરિક વિસ્તારોમાં માલ પરિવહન કરાશે. આ આયોજન અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, ઔડા, ગુજરાત સરકાર, નેશનલ હાઈવે ઓથોરિટી, ખાનગી ક્ષેત્રની ભાગીદારી આધારિત રહેશે. વર્ષ ૨૦૨૪-૨૫ના એક અંદાજ અનુસાર અમદાવાદ શહેરમાં આશરે ૨૮૭.૫ મિલિયન ટન માલ પરિવહન થયું હતું, જેમાંથી ૭૨ ટકા પરિવહન સડક માર્ગે થાય છે.

2025-47 દરમિયાન શહેર બહાર ટ્રાન્સપોર્ટ નગર, માઈક્રો ડિલિવરી હબ અને ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ જેવા વિચારો રજૂ થયા છે


### જગન્નાથજીની 149મી

# રથયાત્રા પહેલાં પોલીસે સાંકડી ગલીઓમાં EV બાઈક દ્વારા પેટ્રોલિંગ કર્યું

અમદાવાદ

અમદાવાદમાં યોજાનારી ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાને લઈને પોલીસ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રથયાત્રાના રૂટ પર સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) બાઈક દ્વારા પેટ્રોલિંગ હાથ ધર્યું છે. આ રૂટ પેટ્રોલિંગમાં જેસીપી, ડીસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ જવાનો જોડાયા હતા. ઉચ્ચ અધિકારીઓએ જાતે સમગ્ર રથયાત્રાના રૂટ પર ફરીને સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

રથયાત્રાના પાવન અવસરે ભગવાનના દર્શન કરવા માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડતી હોય છે. આ દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા અત્યારથી જ વિશેષ કવાયત કરવામાં આવી રહી છે. કોટ વિસ્તારની સાંકડી



ગલીઓમાં મોટા વાહનો જઈ શકતા નથી, જેથી આધુનિક EV બાઈકના ઉપયોગથી પોલીસ આ સાંકડી ગલીઓમાં પણ સરળતાથી પહોંચી શકશે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ આ બાઈક્સ દ્વારા સતત પેટ્રોલિંગ કરીને ચાંપતી નજર રાખી રહી છે. પોલીસ અધિકારીઓની આ પ્રત્યક્ષ સમીક્ષા અને સતત પેટ્રોલિંગથી રથયાત્રાના સમગ્ર રૂટ પર સુરક્ષા વ્યવસ્થાને લોખંડી અને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI